***સવિશેષ નોંધ :*** *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું, તા. ૧૮-૨-૧૯૭૯ પછીનું સાહિત્ય કોઈ સભ્યશ્રી પાસે હોય તો તેઓને સંસ્થાના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ અથવા 'મંગલ મંદિર'ના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતાનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવી છે.*

*જીવનમાં ગઈકાલના પાના ક્યારે પણ સુધારી શકાતા નથી*
*પરંતુ આજના અને આવતીકાલના કોરા પાના આપણા હાથમાં છે,*
*યાદ રહે તેવા પ્રોત્સાહિત કાર્યો કરીને લખી શકાય છે.*

શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર"

**સેવાઓ :**

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)

★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.

★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

**વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો**

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઇન્ટેલિજન્સ (Multiple Intelligence)

★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)

★ ઈમોશનલ ઇન્ટેલિજન્સ (Emotional Intelligence)

★ ઈન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)

★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.

★ લાઇફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)

★ સ્ટ્રેસ પ્રોફાઇલિંગ (Stress Profiling)

★ બ્લોકેજ સર્વે (Blockages Survey)

**વયજૂથ**

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

**કેરિયર કાઉન્સેલિંગ ફેકલ્ટી :**

*ડૉ. નીરવ ઠક્કર (Ph.D.), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (Ph.D.)*

**સંપર્ક :**

*સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*

*બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩*

## યોગ્ય માર્ગદર્શન મળે તો સપના સાકાર થાય!

### એક વિદ્યાર્થીની સફળતાની પ્રેરક કથા

મારી કારકિર્દીની શરૂઆત સામાન્ય હતી, પરંતુ યોગ્ય સમયે મળેલા માર્ગદર્શને મારા જીવનની દિશા બદલી નાંખી. આજે જ્યારે હું પાછળ વળીને જોઉં છું ત્યારે મને સમજાય છે કે કારકિર્દી માર્ગદર્શન એ માત્ર સલાહ નથી, તે તમારા ભવિષ્યનો પાયો છે.

● **પ્રથમ મુલાકાત :**

**જ્યારે હું બોર્ડની પરીક્ષા માટે તૈયારી કરી રહ્યો હતો ત્યારે પ્રથમ વખત મારી મુલાકાત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કેરિયર કાઉન્સિલર ડો. નીરવ ઠક્કર સર સાથે થઈ.** તેમણે ફક્ત પરીક્ષા માટે જ નહીં, પરંતુ મારી કારકિર્દી માટે પણ મને માર્ગદર્શન આપ્યું. તેમની સલાહથી મારો અભ્યાસ સરળ અને વધુ અસરકારક બન્યો. **આ મુલાકાત મારા જીવનનો એક મહત્ત્વપૂર્ણ વળાંક બની.**

● **સ્નાતક પછીની મૂંઝવણ :**

સ્નાતકની પદવી પૂર્ણ કર્યા બાદ મારા મનમાં કાયદાનો અભ્યાસ કરવો કે CAનો અભ્યાસ કરવો તેની ખૂબ મૂંઝવણ હતી. મેં ફરી એકવાર નીરવ સર સાથે વ્યક્તિગત મુલાકાત કરી. અમારી ત્રણેક મુલાકાત અને વિવિધ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા પરીક્ષણ બાદ મારી રૂચિને સમજીને મને કંપની સેક્રેટરીની પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી પાસે ૧૫ દિવસની આર્ટિકલશીપ કરવાનું સૂચન કર્યું. આ ટૂંકા સમયમાં જ મને વિવિધ કાયદાઓ વિશે જાણવા અને સમજવાની તક મળી. ત્યાં કામ કરતાં કરતાં મને સમજાયું કે આ જ તો મારી સાચી કારકિર્દી છે! કંપની સેક્રેટરીનું કાર્યક્ષેત્ર કેટલું રોમાંચક અને પડકારભર્યું છે, આ અનુભવથી જ ખબર પડી.

● **નિર્ણય લેવાની ક્ષણ**

**આર્ટિકલશીપના અનુભવ પછી, અમે CS ને મારી કારકિર્દી તરીકે ફાઈનલાઈઝ કર્યું અને મેં CS કોર્સમાં પ્રવેશ લીધો. આ નિર્ણય લેવામાં નીરવ સર અને KJSS ટીમે મને સતત પ્રોત્સાહન આપ્યું અને મારા દરેક પ્રશ્નનો જવાબ ધીરજપૂર્વક આપ્યો.**

● **સફળતાની પ્રથમ સીડી**

જૂન ૨૦૨૫માં મેં CS એક્ઝિક્યુટીવના બંને ગ્રુપ પ્રથમ પ્રયાસમાં જ પાસ કર્યા! આ સફળતા માત્ર મારી મહેનતની નહીં, પરંતુ યોગ્ય માર્ગદર્શનની પણ નિશાની છે. આજે હું CS પ્રોફેશનલમાં છું અને મને પૂર્ણ વિશ્વાસ છે કે ખૂબ જ જલ્દી હું કંપની સેક્રેટરી બનીશ.

● **આભાર**

**હું દિલથી આભાર માનું છું નીરવ ઠક્કર સર અને સમગ્ર KJSS ટીમનો, જેમણે મને માત્ર કારકિર્દીની સલાહ જ નહીં, પરંતુ જીવનનો સાચો માર્ગ બતાવ્યો. તેમના માર્ગદર્શન વિના આજે હું જ્યાં છું ત્યાં ક્યારેય પહોંચી ન શકત.**

## અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર

# હિંમત અને સંઘર્ષની પ્રેરણાદાયી કહાની : દિવ્યા ખુમાણ



દિવ્યા ખુમાણ

દિવ્યા ખુમાણ. ૨૦ વર્ષીય છોકરી જે ગીતા મંદિર વિસ્તારની નિવાસી છે. આજે સંઘર્ષ અને આત્મવિશ્વાસથી સફળતાની નવી ઊંચાઈઓ સર કરી રહી છે. તે પોતાના માતા-પિતાની સાથે અને નાના ભાઈ-બહેન સાથે રહે છે. દિવ્યા કોલેજના બીજા વર્ષમાં છે. દિવ્યાના પિતા લેમીનેશનમાં મજૂરીનું કામ કરે છે અને મહિને અંદાજે રૂા. ૧૦,૦૦૦/- કમાય છે. તેની માતા ઘરના કામમાં મદદ કરી રૂા. ૩,૦૦૦/- જેટલી આવક લાવે છે. નાનો ભાઈ ત્રીજા ધોરણમાં અભ્યાસ કરે છે અને બહેન ૧૧મા ધોરણમાં ભણે છે.

પરિવારના ખર્ચામાં સહાયરૂપ થવા માટે દિવ્યાએ એક કુરિયર શોપમાં પાર્ટ ટાઈમ નોકરી શરૂ કરી હતી. જેના માટે તેને મહિને રૂા. ૨,૦૦૦/- મળતા હતા. કોલેજ અને નોકરી વચ્ચે સંતુલન સાધતી વખતે **દિવ્યાને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર વિશે ખબર પડી. જ્યાં વિવિધ કૌશલ્ય આધારિત કોર્સ શીખવવામાં આવે છે. જેના મોટા ભાગના પૈસા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપે છે.** આશા અને ઉત્સુકતા સાથે, તે પોતાની માતાને સાથે રાખીને સેન્ટર સુધી ગઈ. આ મુલાકાતે તેનું જીવન બદલી નાખ્યું.

દિવ્યાએ કુરિયર શોપની નોકરી છોડીને ‘બ્યુટી થેરાપિસ્ટ’ કોર્સમાં પ્રવેશ લીધો. તેને એવી કુશળતા મેળવવી હતી જેનાથી તે પોતાના પરિવારમાં આર્થિક સહાય આપી શકે. તેના માટે કોલેજ અને કોર્સ બંનેને સાથે સંભાળવું ખૂબ મુશ્કેલ હતું. નોકરી છોડ્યા પછી ઘરના ખર્ચમાં વધુ તંગી આવી. છતાં દિવ્યાએ હિંમત ન હારતાં તાલીમથી પોતાને સક્ષમ બનાવવાનો નિર્ણય લીધો.

તમામ મુશ્કેલીઓ છતાં દિવ્યાએ ત્રણ મહિનાનો કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. આજે તે ઘરેથી જ બ્યુટી થેરાપિસ્ટ તરીકે કામ કરે છે અને મહિને અંદાજે રૂા. ૭,૦૦૦/- કમાય છે — સાથે જ પોતાનો કોલેજનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો છે. પરિવારના ખર્ચમાં ઉચિત સહાય આપી રહી છે. એથી એને ગર્વ છે અને ભવિષ્ય પ્રત્યે નવી આશા સાથે જીવે છે.

**દિવ્યા આ સફળતા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની દિલથી આભારી છે.** જેમણે ઓછા ખર્ચે ગુણવત્તા તાલીમ આપી અને એવા લોકો માટે નવા દરવાજા ખોલ્યા છે, જે સપનાઓ તો જુએ છે પરંતુ તેને પૂર્ણ નથી કરી શકતા.

ગીતા મંદિર ખાતેનું કૌશલ્ય વિકાસ કેન્દ્ર તેના સુસંરચિત અભ્યાસક્રમો, લક્ષિત ગતિશીલતાના પ્રયાસો અને મજબૂત આજીવિકા આધાર દ્વારા હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂની મહિલાઓ માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. વિકાસના વ્યક્તિગત અને વ્યવસાયીક બંને પાસાંઓને સંબોધિત કરીને, કેન્દ્ર માત્ર મહિલાઓને રોજગાર યોગ્ય કૌશલ્યોથી સજ્જ કરતું નથી પણ સ્વતંત્રતા અને આત્મવિશ્વાસની ભાવનાને પણ ઉત્તેજન આપે છે. વધુ ન્યાયી સમાજ માટે માર્ગ મોકળો કરે છે.

અમે પણ લાભાર્થીઓને ઘરે બેઠા તેમની સેવાઓ લઈને મદદ કરી શકીએ છીએ.

*હોમ કેર / એટેન્ડન્ટનો / ઘરે બ્યુટી પાર્લર સંપર્ક કરવા માટે : ૭૮૬૨૮ ૪૩૦૯૨*

*ઘરે બ્યુટી પાર્લર સેવા સંપર્ક કરવા માટે : ૮૪૬૯૪ ૩૪૫૭૪*

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે;*
*એનું કારણ પાણી નહીં પણ બીજ છે.*
*આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

# સફળતાના શિખરે : લેખાંક-૧

પ્રેષક : હિરેન કે. શાહ

*પ્રિય જ્ઞાતિજનો,*

*આ અંકથી આપણે એક નવી કોલમ શરૂ કરીએ છીએ. જે લોકોએ છેલ્લા ૨૦/૨૫ વર્ષોમાં જીવનમાં સારી પ્રગતિ કરીને સફળતાના શિખરો સર કર્યા તેવી હસ્તીઓની વાત લઈને આવીએ છીએ. આ મિત્રો, જે કાં તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો પોતે છે અથવા તેમના પાલ્ય (દિકરા, દીકરી, પુત્રવધૂઓ) હોઈ શકે છે કે પછી સભ્યો પોતે પણ હોઈ શકે છે. આવો, આપણે આજે આપણા જ સભ્યની બે દીકરીઓએ વિદેશમાં સર કરેલ શિખરોની વાતથી આ કોલમની શરૂઆત કરીએ.*

*"સંકલ્પ" (શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન)માં બે દીકરીઓ રમત-ગમતમાં ભાગ લેવા આવતી હતી અને શેઠ સી.એન. વિદ્યાલયમાં રમત-ગમતની સ્પર્ધાઓ પતે પછી સંકલ્પના હોદ્દેદારો (ફાલ્ગુની શાહ, હિરેન શાહ, સંદીપ મહેતા, પ્રદીપ મહેતા) અચૂક આ બે બહેનો, જે કચ્છના બાડા ગામના પરંતુ અમદાવાદ સ્થિત શ્રી નવીનભાઈ મુલજી શાહ (ગડા)ની લાડલી દીકરીઓ બીના શાહ અને સીમા શાહ છે તેમના ઘરે ચા-પાણી, નાસ્તા માટે ભેગા થતા હતા. ત્યારે વિદ્યાર્થિનીઓ તરીકે એક બિલકુલ સાધારણ કચ્છી જૈન મધ્યમ વર્ગના પરિવારમાં ઉછરેલી આ બંને બહેનોને જોઈને કોણ કલ્પના કરી શકે કે એક દિવસ આ બંને બહેનો વિદેશમાં બહુ મોટું નામ કમાશે? કુટુંબ, દેશ અને પોતાના સમાજને ગૌરવ અપાવશે?*

*– હિરેન શાહ*

## કચ્છી જૈન ગૌરવ વૈશ્વિક મંચ પર : નવી પેઢીને વૈશ્વિક સફળતા તરફ દોરી જવું

૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં નાનકડા સ્વપ્નથી શરૂ થયેલ સફર આજે ઓસ્ટ્રેલિયાની સૌથી માન્ય આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને માઈગ્રેશન કન્સલ્ટીંગ સંસ્થાઓમાંની એક – IAEC Education | Migration – તરીકે વિકસી છે. આ સંસ્થાના નેતૃત્વમાં છે બે બહેનો – **સીમા શાહ** અને **બીના શાહ**. બે ગૌરવશાળી કચ્છી જૈન સ્ત્રીઓ, જેમના જીવન અને કાર્યમાં સચ્ચાઈ, સેવા અને અવિરત પ્રયત્નના મૂલ્યો ઝળહળે છે.




**સીમા શાહ (ડાબે) *અને* બીના શાહ (જમણે)**

તેમની સફર માત્ર વ્યાપારિક સફળતાની કથા નથી પરંતુ તે એક જીવંત ઉદાહરણ છે કે કેવી રીતે સાંસ્કૃતિક મૂલ્યો, દૃષ્ટિ અને મહેનત સાથે જોડાઈને આખી પેઢીને પ્રેરણા આપી શકે છે.

- **દૃષ્ટિ અને મૂલ્યોમાં વેરાયેલ વારસો**

IAEC ની કહાની શરૂ થઈ હતી ૧૯૯૧માં કચ્છના બાડા ગામના પરંતુ અમદાવાદ સ્થિત શ્રી નવીનભાઈ શાહના દૂરંદેશી નેતૃત્વ હેઠળ – જે આંતરરાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્રના એક આદરણીય અગ્રણી હતા. તેમનું સ્વપ્ન હતું કે વિદ્યાર્થીઓને ઈમાનદારી અને વ્યક્તિગત માર્ગદર્શન સાથે ગુણવત્તાયુક્ત વૈશ્વિક શિક્ષણ તરફ દોરી જવું. આ જ સ્વપ્નને તેમની પુત્રીઓ સીમા અને બીનાએ વધુ વિસ્તૃત સ્વરૂપ આપીને વૈશ્વિક વારસામાં રૂપાંતરીત કર્યું.

૨૦૦૧માં જ્યારે સીમા શાહે મેલબોર્નમાં IAEC નું મુખ્ય મથક સ્થાપ્યું, ત્યારે તેમણે પિતાનું સ્વપ્ન આધુનિક દૃષ્ટિકોણ સાથે આગળ વધાર્યું. આજે IAEC વિશ્વની ૨૦૦થી વધુ અગ્રણી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે અને ઓસ્ટ્રેલિયા, ભારત, કેનેડા, યુનાઈટેડ કિંગ્ડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા દેશોમાં વિદ્યાર્થીઓ અને વ્યવસાયીકોને તેમની અભ્યાસ અને માઈગ્રેશનની ધ્યેયયાત્રામાં માર્ગદર્શિત કરે છે.

તેની શરૂઆતથી જ IAEC એ પારદર્શકતા, નૈતિકતા અને વ્યક્તિગત માર્ગદર્શનના મૂલ્યો પર ઊભી છે.

દરેક ક્લાયન્ટ – ચાહે તે વિદેશ અભ્યાસ માટે પહેલું પગલું ભરતો વિદ્યાર્થી હોય કે જટીલ વીસા પ્રક્રિયામાંથી પસાર થતો વ્યવસાયીક – IAEC તરફથી ખરી કાળજી, ઇમાનદારી અને વિશિષ્ટ અનુભવો સાથે માર્ગદર્શન મેળવે છે.

- **સીમા શાહ : ઇમાનદારી અને દૃષ્ટિવાળી નેતૃત્વકાર**

૨૪ વર્ષથી વધુનો અનુભવ ધરાવતી સીમા શાહ હાલમાં IAEC Education | Migration ની મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે સેવા આપે છે. તેમણે નિયમનકારી જાણકારી સાથે માનવીય દૃષ્ટિકોણ ધરાવતું નેતૃત્વ આપ્યું છે. મોનાશ યુનિવર્સિટી અને વિક્ટોરીયા યુનિવર્સિટીની સ્નાતક સીમા શાહ શૈક્ષણિક ઉત્તમતા અને ઉદ્યોગના વ્યવહારિક અનુભવનું અનોખું સંયોજન રજૂ કરે છે.

રજિસ્ટર્ડ ઓસ્ટ્રેલિયન માઇગ્રેશન એજન્ટ તરીકે તેમણે IAEC ને એક એવી સંસ્થા તરીકે સ્થાપિત કરી છે, જે કાયદાકીય અનુપાલન, ચોક્સાઇ અને નૈતિક પ્રતિનિધિત્વ માટે જાણીતી છે. તેમના નેતૃત્વ હેઠળ IAEC આજે વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીઓ અને સરકારી સંસ્થાઓ માટે એક વિશ્વસનીય ભાગીદાર બની ગયું છે.

સીમા શાહનો પ્રભાવ IAEC ની સીમાઓથી ઘણે દૂર પહોંચે છે. તેઓએ એજ્યુકેશન કન્સલ્ટન્ટ્સ એસોસિએશન ઓફ ઓસ્ટ્રેલિયા (ECAA)ની ઉપપ્રમુખ (અને ભૂતપૂર્વ પ્રમુખ) તરીકે ઉદ્યોગમાં વ્યવસાયીક ધોરણો, માન્યતા, પ્રણાલીઓ અને વિદ્યાર્થી કલ્યાણ પહેલોને પ્રોત્સાહિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

રાષ્ટ્રીય નીતિ ચર્ચાઓમાં તેમની સક્રિય ભાગીદારી, શિક્ષણ એજન્ટો માટે તાલીમ કાર્યક્રમો અને Department of Home Affairs સાથેના સહયોગો તેમની એ પ્રતિબદ્ધતા દર્શાવે છે કે તેઓ સમગ્ર આંતરરાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્રને વધુ ગુણવત્તાસભર બનાવવા ઇચ્છે છે.

તેમનું વિચારશીલ નેતૃત્વ Elets Digital Learning, The Indian Weekly અને The Indian Sun જેવા પ્રતિષ્ઠિત પ્રકાશનોમાં પ્રકાશિત થયું છે.

૨૦૨૫માં તેમણે "Australian International Education Conference (AIEC)"માં "Agents of Change – ESOS Compliance and Risk" વિષય પર એક મહત્ત્વપૂર્ણ પેનલનું અધ્યક્ષસ્થાન સંભાળ્યું, જેમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ક્ષેત્રના ભવિષ્ય માટે દિશા નક્કી કરવામાં સહભાગી રહી હતી.

તેમને The PIE Live Asia-Pacific Conference માં પણ બોલાવાયું, જ્યાં તેમણે વિદ્યાર્થી વિસા સુધારાઓ, કન્સલ્ટન્ટ્સ માટેના માન્યતા માળખા અને શૈક્ષણિક ગતિશીલતામાં ટેકનોલોજીની વધતી ભૂમિકા પર પોતાના વિચારો વહેંચ્યા.

સીમા શાહ માટે સફળતાનો અર્થ માત્ર આંકડાઓમાં નથી – તે છે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર અસર, સમુદાયના વિશ્વાસ પર અસર અને વિશ્વસ્તરીય શિક્ષણને નૈતિક અને સુલભ બનાવવા માટેની પ્રતિબદ્ધતા.

- **બીના શાહ : હેતુ અને જુસ્સા સાથેનું નેતૃત્વ**

સીમાના વ્યૂહાત્મક નેતૃત્વને પૂરક રૂપે બીના શાહ IAEC ની મુખ્ય સંચાલક અધિકારી (COO) છે અને સંસ્થાની માઇગ્રેશન ડિવિઝનની મુખ્ય પ્રેરક શક્તિ છે. તેમને ઓસ્ટ્રેલિયન ઇમિગ્રેશન કાયદા અને સ્કીલ્સ એસેસમેન્ટ પ્રક્રિયામાં ઊંડો અનુભવ છે અને તેમણે હજારો વ્યવસાયીકોને તેમના સ્થાયી નિવાસ (PR) અને સ્કીલ્ડ માઇગ્રેશનના માર્ગ પર સફળતાપૂર્વક માર્ગદર્શન આપ્યું છે.

માત્ર ૨૫ વર્ષની વયે, બીનાને તેમની અદ્‌ભુત સિદ્ધિઓ માટે કચ્છી સમાજ તરફથી નારી રત્ન ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવી – જે સમગ્ર સમુદાય માટે ગૌરવની ક્ષણ હતી. તેમની સફર ત્યારથી સતત પ્રેરણાદાયી રહી છે.

બીના શાહ બાદમાં JITO International (એક વૈશ્વિક જૈન વ્યાપાર અને ઉદ્યોગ સંગઠન)ની પ્રથમ મહિલા અધ્યક્ષ બની – જેની ૩૨ આંતરરાષ્ટ્રીય શાખાઓ, ભારતની અંદર ૮૯ સેન્ટર્સ અને ૨૦,૦૦૦થી વધુ સભ્યો છે. તેમના માર્ગદર્શન હેઠળ JITO એ જૈન સમુદાયમાં નૈતિક ઉદ્યોગસાહસ, શિક્ષણ અને આર્થિક સશક્તિકરણના ધ્યેયને વધુ મજબૂત બનાવ્યો.

IAECમાં બીનાનું કાર્યક્ષેત્ર ખૂબ વિશાળ છે – જેમાં IT, નર્સિંગ, એન્જિનિયરીંગ, બિઝનેસ, હોસ્પિટાલિટી, ડેન્ટીસ્ટ્રી અને અનેક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેમની ટીમ દરેક ક્લાયન્ટના કેસને ચોક્સાઈ અને સહાનુભૂતિ સાથે સંભાળે છે, જેથી વ્યવસાયીકો ઓસ્ટ્રેલિયાના વિકાસશીલ કાર્યક્ષેત્રમાં સરળતાથી સમાઈ શકે.

બીના શાહ અનેક વ્યવસાયીક કાર્યક્રમોમાં પ્રમુખ વક્તા તરીકે આમંત્રિત થાય છે – જેમ કે Australian Computer Society (ACS) Insights Series, જ્યાં તેઓ માઇગ્રેશન પ્રક્રિયાને સરળ બનાવી સમજાવે છે અને વૈશ્વિક પ્રતિભાને

ઓસ્ટ્રેલિયાના વિકાસમાં યોગદાન આપવા પ્રોત્સાહિત કરે છે.

તેમની વિચારસરણી સરળ પરંતુ શક્તિશાળી છે : "માઈગ્રેશન ફક્ત કાગળો વિશે નથી – તે લોકો, હેતુ અને પ્રગતિ વિશે છે."

● **નવી પેઢીને વૈશ્વિક શિક્ષણ તરફ સશક્ત બનાવવી:**

IAEC Education મારફતે સીમા અને બીના શાહે એવી સંસ્થા બનાવી છે જે પરંપરાગત કન્સલ્ટિંગથી ઘણું આગળ છે.

તેમનો અભિગમ ખૂબ વ્યક્તિગત અને મૂલ્ય આધારિત છે. IAEC વિદ્યાર્થીઓને સંપૂર્ણ માર્ગદર્શન આપે છે – યોગ્ય કોર્સ અને યુનિવર્સિટીની પસંદગીથી લઈને વીસા અરજી, સ્કોલરશિપ્સ અને પોસ્ટ સ્ટડી વર્ક અવસરો સુધી.

દરેક વિદ્યાર્થીની સફર તેમના શૈક્ષણિક ધ્યેયો, આર્થિક પરિસ્થિતિ અને દીર્ઘકાલીન આશાઓને સમજીને શરૂ થાય છે. ટીમ વિદ્યાર્થીઓને એવી યુનિવર્સિટીઓ અને કાર્યક્રમો સાથે મેળવે છે, જે તેમના કેરિયર સપનાઓ અને વ્યક્તિગત વિકાસ બંનેને અનુરૂપ હોય.

ચાહે તે પર્થમાં અભ્યાસ માટે જતા એન્જિનિયર હોય, મેલબોર્નમાં પ્રવેશ લેતા ભાવિ બિઝનેસ લીડર હોય કે કેનેડામાં તકો શોધતા ડેટા સાયન્ટીસ્ટ – IAEC દરેક વિદ્યાર્થીને તૈયાર કરે છે ફક્ત વિદેશ અભ્યાસ માટે નહીં, પરંતુ વિદેશ જીવન માટે.

સંસ્થાના વૈશ્વિક ભાગીદારો – યુનિવર્સિટીઓ, ઉદ્યોગ સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓ – વિદ્યાર્થીઓને વિશ્વસ્તરીય તકો આપે છે. અને સૌથી મહત્ત્વની વાત – IAEC તેમના વિદ્યાર્થીઓને વિદેશ પહોંચ્યા બાદ પણ સતત માર્ગદર્શન અને સમર્થન આપે છે, જેથી તેઓ નવી સંસ્કૃતિમાં ફૂલી-ફાલી શકે.

ઘણા યુવા કચ્છી જૈનો માટે, એક વખત વિદેશ અભ્યાસ અથવા વસવાટનું સ્વપ્ન દૂર લાગતું હતું. આજે સીમા અને બીનાના માર્ગદર્શનથી તે સ્વપ્નો ખંડાંતરો પાર સાકાર થઈ રહ્યા છે.

તેમના વિદ્યાર્થીઓ આજે ઉદ્યોગપતિ, એન્જિનિયર, સંશોધક અને નવોદિત નવપ્રવર્તકો બની ચૂક્યા છે – દરેક વ્યક્તિ કચ્છી જૈન સમુદાયની પ્રામાણિકતા, મહેનત અને ઉત્તમતાની પરંપરાને આગળ ધપાવે છે.

● **આસ્થા, નૈતિકતા અને જૈન જીવનદૃષ્ટિ :**

ગૌરવશાળી કચ્છી જૈન તરીકે બંને બહેનો તેમના સાંસ્કૃતિક મૂલ્યોને તેમના વ્યવસાયના કેન્દ્રસ્થાને રાખે છે. તેમનું નેતૃત્વ અહિંસા, અપરિગ્રહ (અસંપત્તિ) અને અનેકાંતવાદ (વિવિધ દૃષ્ટિકોણોનો સ્વીકાર) જેવા જૈન સિદ્ધાંતો પર આધારિત છે – જે તેમની નૈતિક નિર્ણયો અને સહાનુભૂતિસભર વ્યવહારમાં પ્રતિબિંબિત થાય છે.

તેમનું માનવું છે કે તેમનો વ્યવસાયીક દૃષ્ટિકોણ તેમના જૈન સંસ્કારનો સ્વાભાવિક વિસ્તરણ છે – "ઈમાનદારીથી કામ કરો, નિઃસ્વાર્થ સેવા આપો અને જ્યાં શક્ય હોય ત્યાં અન્યોને ઉન્નત કરો."

દરેક કાઉન્સેલિંગ સેશન, વીસા મંજૂરી અને વિદ્યાર્થીની સફળતા કહાની તેમના માટે સેવારૂપ છે – કૃતજ્ઞતા અને સમુદાયના ઉત્કર્ષ માટેની પ્રતિબદ્ધતાથી ભરપૂર છે.

● **પરત આપવું : શિક્ષણ તરીકે સામૂહિક જવાબદારી**

વ્યવસાયની બહાર પણ, સીમા અને બીના શાહે પોતાને પરોપકાર અને સમુદાય Upliftment માટે સમર્પિત કર્યા છે.

IAEC સક્રિય રીતે World Vision અને અન્ય શૈક્ષણિક ચેરિટીઝને સમર્થન આપે છે, જે વંચિત બાળકોને શિક્ષણનો અધિકાર આપે છે.

તેમની સમાન તક માટેની વક્તૃત્વ તેમની એ માન્યતાને પ્રતિબિંબિત કરે છે કે શિક્ષણ એ સમાજ પરિવર્તનનું સૌથી શક્તિશાળી સાધન છે.

દરેક પહેલમાં તેઓ સેવા અને સમાજના ભાવને જીવંત રાખે છે – જે હંમેશાં કચ્છી જૈન પરંપરાની ઓળખ રહ્યાં છે.

● **એક પ્રેરણાદાયી પેઢી માટે :**

આજે IAEC Education | Migration ફક્ત કન્સલ્ટન્સી નથી – તે એક આંદોલન છે. તે સપનાઓને પાંખ આપે છે, સંસ્કૃતિઓને જોડે છે અને પ્રતિભાને ઈમાનદારી અને કરુણા સાથે પોષે છે.

સીમા અને બીના શાહના નેતૃત્વ હેઠળ IAEC આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને માઈગ્રેશન ક્ષેત્રમાં સતત નવા ધોરણો સ્થાપિત કરી રહ્યું છે.

તેમની સફર સમગ્ર વૈશ્વિક કચ્છી જૈન સમુદાય માટે એક તેજસ્વી ઉદાહરણ છે – કે નૈતિકતા, નમ્રતા અને હેતુ સાથે હાંસલ કરેલી સફળતા સીમાઓને વટાવીને પરિવર્તન લાવી શકે છે.

તેમના કાર્ય દ્વારા, સીમા અને બીના નવી પેઢીના કચ્છી જૈનોને પ્રેરણા આપે છે કે તેઓ મોટા સપના જુએ, ઊંચા ધ્યેય નક્કી કરે અને પોતાના સંસ્કારોથી જોડાયેલા રહે.

તેમનો વિશ્વાસ છે કે યોગ્ય માર્ગદર્શન અને અડગ ઈમાનદારી સાથે દરેક યુવા મન વિશ્વમાં અર્થપૂર્ણ યોગદાન આપી શકે છે.

● **સમાપન :**

સીમા અને બીના શાહની કહાની માત્ર વ્યક્તિગત વિજયની નથી – તે સમુદાયના ગૌરવ, સમાજના દૃષ્ટિકોણ અને વૈશ્વિક અસરની કહાની છે.

IAEC Education | Migration મારફતે તેમણે હજારોના સપનાઓને સાકાર કર્યા છે – સાબિત કર્યું છે કે જ્યારે આસ્થા, ઈમાનદારી અને સેવા માર્ગદર્શન આપે છે, ત્યારે સફળતાને કોઈ સીમા નથી.

મુંબઈથી મેલબર્ન સુધી, તેમની સફર આજે પણ પ્રેરણા આપે છે – એક જીવંત સાક્ષી તરીકે કે કચ્છી જૈન હોવાનો સાચો અર્થ શું છે : "વિચારમાં નૈતિક, કાર્યમાં ઉદ્યોગી અને હૃદયમાં કરુણાસભર."

**અમદાવાદ ઓફિસનું સરનામું :**

**IAEC Education**
૨૦૨, બીજા માળે, યશ એક્વા બિલ્ડિંગ,
મેકડોનાલ્ડની ઉપર, વિજય ચાર રસ્તા,
નવરંગપુરા, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૭૯૧ ૧૧૧૩, ૪૮૯૨ ૧૧૧૩
ઈ-મેઈલ : Ahmedabad@iaec.com.au ***OR***
Abad.admissions@iaec.com.au
*વેબસાઈટ :* www.iaec.com.au

**મેલબોર્ન હેડ ઓફિસનું સરનામું :**

**IAEC Education**
Level 32 - 367 Collins Street,
Melbourne 3000, Australia.
Phone : +613 9670 1140
E-mail : Melbourne@iaec.com.au
Website : www.iaec.com.au

*તમારી ખુશી તમારા વિચાર પર આધારિત છે.*
*આપણે ફરીયાદ કરી શકીએ છીએ કે ગુલાબની ઝાડીઓમાં કાંટા છે*
*અથવા ખુશ થઈ શકીએ છીએ કે કાંટાઓની વચ્ચે પણ ગુલાબ છે.*

## સોશિયલ મીડિયા પર લોકો સક્રિય થતા જાય છે, પણ સામાજિક કાર્યોમાં નિષ્ક્રિય થતા જાય છે

બે પ્રકારના માણસો છે : એક છે, મશીન સુખિયા, માણસ દુઃખિયા અને બીજા છે, માણસ સુખીયા, મશીન દુઃખિયા.

આમાં જેઓ મશીન સુખિયા છે એમને ઈન્ટરનેટ જામે છે, વેબસાઈટ ફાવે છે, યુ-ટ્યુબ જામે છે, ઈન્સ્ટાગ્રામ-ટ્વિટર-વોટ્સએપ-ઈ-મેઈલ અને મોબાઈલ વગેરે સિવાય ચેન નથી પડતું.

એમને મા-બાપ પાસે બેસવાનો સમય નથી હોતો, પત્નીને અને બાળકોને આપવા માટે તેઓ પાસે ફુરસદ નથી હોતી. એમને 'સ્ક્રીન ટચ'નું વળગણ હોય છે, પણ 'સ્ક્રીન ટચ'ની એમને અલર્જી હોય છે.

જ્યાં સ્વજનો પ્રત્યે જ જેઓ આવી માનસિકતા ધરાવતા હોય ત્યાં એમની ડિક્ષનરીમાં સામાજિક જવાબદારી નિભાવવવાની તો વાત જ ક્યાં આવતી હોય?

યાદ રાખજો : જે વૃક્ષ જમીનથી, જે પતંગ દોરાથી અને જે નદી કિનારાથી સ્વતંત્ર થઈ જાય એ સહુનું જો કોઈ ભાવિ નથી હોતું તો જે વ્યક્તિ જીવંત વ્યક્તિઓથી દૂર થઈ જાય છે એ વ્યક્તિનું પણ કોઈ ભાવિ નથી હોતું.

*– પૂ. રત્નસુંદરવિજયજી મ.સા.*

## સફળતા

સફળતા શબ્દ કોને નથી ગમતો? સાંભળવામાં સારો શબ્દ છે. સફળતા પ્રાપ્ત કરવી અઘરી છે અને મળે તો પચાવવી અઘરી છે. સફળતા, એ અનેક નિષ્ફળતાઓ પછીનો મુકામ છે. સફળતા એટલે જે-તે કાર્યક્ષેત્રમાં કરેલી સાધના, પરિશ્રમ, એકાગ્રતા અને દૃઢ વિશ્વાસનો સરવાળો.

આપણે બેંકના લોકરમાંથી કિંમતી વસ્તુ કાઢવા જઈએ ત્યારે એક ચાવી આપણી પાસે હોય છે, બીજી ચાવી મેનેજર પાસે હોય છે. એ બન્ને ચાવી ભેગી થાય ત્યારે જ લોકર ખૂલે. તમારા હાથમાં જે ચાવી છે એ પુરુષાર્થનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે બેંક મેનેજરના હાથમાં જે ચાવી છે એ પ્રારબ્ધનું પ્રતિનિધિત્વ કરે છે એમ કહી શકાય.

મહત્ત્વનો સવાલ એ છે કે મહેનત તો દરેક માણસ કરે છે, શા માટે દરેકને સફળતા મળતી નથી? આકરી મહેનત કર્યા પછી પણ માણસ શા માટે ખુદના તમામ અરમાન પૂરા કરી શકતો? જે વ્યક્તિ કામને ઢસરડો માનીને કરે છે એનાથી સફળતા હંમેશાં દૂર રહે છે. જે વ્યક્તિ કામમાં ઓતપ્રોત થઈએ કામને પ્રેમ કરે છે એની પાસે સફળતા જરૂર આવે છે.

કોઈપણ માણસે જો સફળ થવું હોય તો સૌપ્રથમ પોતાનામાં શું વિશિષ્ટતા છે, શું કરી શકવાની ક્ષમતા છે તે શોધી કાઢવું જોઈએ. ત્યારબાદ એ દિશામાં આકરો પરિશ્રમ કરવો જોઈએ. યોગ્ય દિશાનું મહત્ત્વ પરિશ્રમ જેટલું જ છે.

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૩૧

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*
*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. તા. ૧૪-૯ના રોજ યોજાયેલ સમાજના કાર્યક્રમમાં વૈયાવચ્ચનું ટેબલ કોણે સંભાળેલ હતું?
_______________ અને _______________
(હેતલબેન, કિન્નરીબેન, મનીષભાઈ, કિરણભાઈ, નીતિનભાઈ, હેતવીબેન)

૨. સમાજના સભ્યોને મેડિકલ સેન્ટરમાં _______________ રાહત દરે સેવા અપાય છે. (૫૦%, ૭૫%, ૪૦%)

૩. વર્ષ ૧૯૭૨માં સંસ્થાના પ્રમુખ _______________ હતા.
(શ્રી બાબુભાઈ વીરમ શાહ, શ્રી માવજીભાઈ, શ્રી હીરજીભાઈ, ડૉ. ચંદ્રકાંતભાઈ)

૪. શ્રી કચ્છી જૈન સમાજની પ્રથમ સામાન્ય સભા તા. _______________ ના રોજ યોજાઈ હતી.
(૨૦-૧૨-૧૯૭૦ / ૧૧-૧૦-૧૯૭૦ / ૯-૧૨-૧૯૭૧)

૫. મંગલ મંદિરના પ્રકાશનમાં ૧૭ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક દરેક પ્રકારની સેવા આપનાર સેવાભાવી સંપાદક હતા : _______________ (પ્રેમીલાબેન કુરૂવા, સૂરજલાલ મહેતા, ચંદ્રિકાબેન દેઢિયા)

૬. સમાજના આ વર્ષના વાર્ષિક કાર્યક્રમમાં _______________ નાટક ભજવવામાં આવેલ.
(ધૂપસળી, એકાંતવાસ, નારી શક્તિ)

૭. યુવા પેઢીના કારકિર્દીના વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર આપનાર સેન્ટર - પ્રવૃત્તિનું નામ : _______________
(મલ્ટીપલ ઈન્ટેલિજન્સ લાઈફ સ્ક્રીપ્ટ એનાલિસીસ સેન્ટર, સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર)

૮. ઓગસ્ટ મહિનામાં જશોદાનગર મેડિકલ સેન્ટરમાં કુલ _______________ વ્યક્તિઓએ, પાલડી સેન્ટરમાં કુલ _______________ વ્યક્તિઓએ અને શાહીબાગ સેન્ટરમાં કુલ _______________ વ્યક્તિઓએ લાભ લીધો હતો. (૭૦૫૮, ૫૬૦૧, ૩૪૭૮, ૮૬૭૩, ૨૫૭૧, ૨૬૧૧)

૯. ફેફસાની કાર્યક્ષમતા તપાસવા _______________ ટેસ્ટ કરવામાં આવે છે. (PFT, TMT, 2-D ECHO)

૧૦. જિંદગી એ _______________નો ખેલ છે. (કિસ્મત, મહેનત, બુદ્ધિ)

## • ઓક્ટોબર-૨૦૨૫ના અંકના મણકા–૩૦ ના સવાલોના સાચા જવાબો •

૧. કચ્છના બંદરો પર સ્ટીમરનું આવાગમન ઈ.સ. **૧૮૬૦** પછી શરૂ થયું.

૨. **પ્લાસ્ટીક**ની શોધ થઈ ના હોત તો જંગલો સાફ થઈ ગયા હોત...

૩. ભુજિયા ડુંગરમાં **સ્મૃતિ વન**ની રચના કરવામાં આવી.

૪. **શ્રેણિક મહારાજા** ભાવિ તીર્થંકર (આગામી ચોવીસીમાં) થવાના છે.

૫. સર્વ પ્રથમ ગુજરાતી ફિલ્મ સાપ્તાહિક "ચિત્રપટ" શરૂ કરનાર **નગીનદાસ શાહ** હતા.

૬. ગુજરાતનો **૬૬** મો સ્થાપના દિવસ તા. ૧-૫-૨૦૨૫ના રોજ હતો.

૭. 'ભારત છોડો' સૂત્ર કચ્છી સપૂત **યુસુફ મહેરઅલી** એ આપેલ હતું.

૮. અંબાજી સમુદ્રતટથી **૪૮૦** મીટરની ઊંચાઈએ આવેલું છે.

૯. **વીરચંદ રાઘવજી ગાંધી**એ જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે વિદેશમાં વ્યાખ્યાનો (શિકાગો - વિશ્વધર્મ પરિષદમાં) આપ્યા છે.

૧૦. ઈલેક્ટ્રીક કાર કેવી રીતે ચાલે છે.... લેખમાળાના લેખક છે : **રસિકલાલ ખીમજીભાઈ મહેતા**

***મણકા-૩૦ (મંગલ મંદિર ઓક્ટોબર-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. અમરીષ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૨. અલ્પા એ. સંઘવી – પાલડી, અમદાવાદ
૩. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૪. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૫. ગિરીશ ડી. પોલડિયા – અમદાવાદ
૬. નિશિતભાઈ શાહ – અમદાવાદ
૭. નરેન્દ્રકુમાર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૮. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૯. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૧૦. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૧. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૨. ડૉ. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૩. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૪. પારસ હરખચંદ કુંવરજી ગોસર – સુરેન્દ્રનગર
૧૫. વિશાલ હરખચંદ કુંવરજી ગોસર – ન્યુ વાસણા, અમદાવાદ
૧૬. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૧૭. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૧૮. રીદ્ધિ આશિષ પારેખ – બોપલ, અમદાવાદ
૧૯. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૨૦. નીલમ હિતેશ સંઘવી – ગીરધરનગર, અમદાવાદ
૨૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – પાલડી, અમદાવાદ
૨૨. સ્મિતા શાહ – પાલડી, અમદાવાદ
૨૩. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૨૪. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૨૫. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૨૬. જ્યોતિ એલ. શાહ – મણિનગર, અમદાવાદ
૨૭. શાનવી ડી. સંઘવી – પાલડી, અમદાવાદ
૨૮. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૯. અશોક વી. શાહ – ગાંધીનગર
૩૦. કામિની સ્નેહલકુમાર શેઠ – નવા વાડજ, અમદાવાદ
૩૧. ધવલ એન. શાહ – ગાંધીનગર

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | **અમરીષ કે. સંઘવી** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨** |
| ૨. | **ગિરીશ ડી. પોલડિયા** | **– અમદાવાદ** | **મો. ૯૪૨૭૦ ૨૮૩૮૦** |
| ૩. | **નિશિતભાઈ શાહ** | **– અમદાવાદ** | **મો. ૯૮૨૫૦ ૨૧૪૭૦** |
| ૪. | **નીલોફર આઈ. શેખ** | **– કાલુપુર, અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |
| ૫. | **પારસ હરખચંદ કુંવરજી ગોસર** | **– સુરેન્દ્રનગર** | **મો. ૯૮૨૫૪ ૮૮૦૮૪** |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **<u>નોંધ</u> :**

*(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૨૬-૯-૨૦૨૫**

- શ્રી ક્રિમીશભાઈ પરીખ તરફથી પાંચ લીટરના બે ઓક્સિજન કોન્સનટ્રેટર મશીન દર્દીઓને ઘરે ઓક્સિજનની સવલત મળી શકે એ માટે ભેટ રૂપે મળેલ છે.

**તા. ૩૦-૯-૨૦૨૫**

- સાઈકોલોજિસ્ટ શ્વેતા પરીખે રાજીનામું આપતા ડૉ. આકૃતિ ઝા તેમના બદલે આજથી દર મંગળવારે સવારે ૧૧થી ૧૨.૩૦માં મળશે.

**તા. ૩-૧૦-૨૦૨૫**

- રેટીના સ્પેશિયાલિસ્ટ હાર્દ શાહે રાજીનામું આપતા તેમના બદલે ડૉ. મૌલી શાહ દર શુક્રવારે બપોરે ૩ થી ૪માં મળે છે. ડૉ. આકાશ પટેલે મોતિયાના રૂા. ૨૪,૦૦૦ અને રૂા. ૧૫,૦૦૦ વાળા બે ઑપરેશન આજરોજ કરેલ છે.

**તા. ૬-૧૦-૨૦૨૫**

- ડૉ. દેવલ શાહ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૭-૧૦-૨૦૨૫**

- આજ રોજ નવા આવેલા ટ્રાન્સએશિયા કંપનીના Autohematolyzer મશીનનું Interface સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

**તા. ૧૭-૧૦-૨૦૨૫**

- મેડિકલની સ્ટાફની બહેનો દ્વારા સેન્ટરના કેશ કાઉન્ટર આગળ તેમજ લેબોરેટરીમાં સુંદર રંગોળીઓ બનાવવામાં આવી.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**તા. ૨૦-૯-૨૦૨૫**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી શાંતિલાલભાઈ સાવલાએ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. જેમાં ફિઝીયોથેરાપીના દર્દીઓ તથા તેમના સગાઓએ શ્રી પ્રતાપભાઈ દંડને સેન્ટરની કામગીરી અંગે અભિનંદન આપેલ હતા.
- આજ રોજ ડૉ. મિત પટેલે મોતિયાનું એક અને Pterygiumનું એક ઑપરેશન કરેલ હતું.

**તા. ૨૭-૯-૨૦૨૫**

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર અને નવનીત ડાયાલિસિસ સેન્ટરના તમામ સ્ટાફ સભ્યોએ નવરાત્રિ નિમિત્તે ગરબા ગાયનનો આનંદ લીધેલ હતો.

**તા. ૧-૧૦-૨૦૨૫**

- આજ રોજ મેડિકલ સેન્ટર તથા ડાયાલિસિસ સેન્ટરનો સપ્ટેમ્બર-૨૦૨૫નો ડેટા ડૉ. હિતેન્દ્ર શાહને આપેલ હતો. જેમાં કુલ ૮૨૩૭ દર્દીઓએ સારવાર લીધેલ હતી અને ૩૨૫ દર્દીઓએ ડાયાલિસિસ કરાવેલ હતું.

**તા. ૩-૧૦-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કપીલ ભાટીયા (Opthalmologist) દ્વારા સવારે ૧૦થી ૧૧.૩૦ દરમિયાન OPD શરૂ કરવામાં આવેલ હતી.

**તા. ૪-૧૦-૨૦૨૫**

- આજ રોજ આંખ વિભાગમાં નવું મશીન ARK ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે.

**તા. ૬-૧૦-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને ડાયાલિસિસ તેમજ મેડિકલ સેન્ટર વિશે ચર્ચા કરેલ હતી.

**તા. ૮-૧૦-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે ડૉ. મંથન કંસારા સાથે મીટિંગ કરી ડાયાલિસિસ સેન્ટર વિશે ચર્ચા કરેલ હતી.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૨૬-૦૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી રજનીકાંત પારેખ અને શ્રી જયેશભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધેલ હતી. ડૉ. હિતેન્દ્ર શાહે પ્રતીક વ્યાસ અને દીપકભાઈ ત્રિવેદી સાથે

માર્કેટિંગ વધારે કરવા બાબતે માર્ગદર્શન આપ્યું. સેન્ટર ચોવીસ કલાક કાર્યરત થયા બાદ પેશન્ટને વધારે સારવાર મળી રહે તે બાબતે ડૉ. કિશન માલી સાથે ચર્ચા કરી. શ્રી જયેશભાઈ મજમુદારે કંપનીના કર્મચારીઓને મેડિકલ સારવાર વધારે મળી રહે તે બાબતે પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરી. તેઓની હાજરીમાં યોજાયેલ સંયુક્ત મીટિંગમાં હોસ્પિટલના કામ બાબતે, પેશન્ટ બાબતે અને ચોવીસ કલાક ઈમરજન્સી મેડિકલ સેવા અને દાખલ થવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે તેના માટે માર્કેટિંગ વધારે સારી રીતે કરવા અંગે ચર્ચા કરવામાં આવી.

**તા. ૪-૧૦-૨૦૨૫ થી તા. ૬-૧૦-૨૦૨૫**

- આજ રોજ પાલડી ભવનની મુલાકાત લઈ જિલ્લા પંચાયત કચેરી - લાલ દરવાજા PNDT ડિપાર્ટમેન્ટમાં એન્ટીનેટલ સોનોગ્રાફીના ફોર્મ જમા કરવાનું કામ પૂરું કરેલ છે.
- તા. ૩-૧૦-૨૦૨૫થી તા. ૬-૧૦-૨૦૨૫ સુધીમાં કુલ ૨૪ કંપનીના સપ્ટેમ્બર-૨૦૨૫ના બીલ જે તે કંપનીમાં જઈને આપવાનું કામ પૂરું કરેલ છે.

**તા. ૯-૧૦-૨૦૨૫**

- આજ રોજ એમનિલ ફાર્માસ્યુટીકલ કંપનીમાંથી કુલ ૧૫ કર્મચારીઓનું મેડિકલ ફિટનેસનું કાર્ય સેન્ટર ઉપર કરવામાં આવ્યું.

**તા. ૧૦-૧૦-૨૦૨૫**

- આજ રોજ ક્યુરેફોક્સ હેલ્થકેર પ્રા.લિ. કંપનીના કુલ ૬ કર્મચારીઓના આંખોનું ચેક-અપ ડૉ. હેમ દેસાઈ (ઓપ્થેલ્મોલોજિસ્ટ) દ્વારા સેન્ટર ઉપર કરવામાં આવ્યું.
- આજ રોજ એમનિલ ફાર્માસ્યુટીકલ કંપનીના ૧૫ કર્મચારીઓનાં મેડિકલ ફિટનેસની ફાઈલ કંપનીમાં આપવામાં આવી.
- આજ રોજ એમનિલ ફાર્માસ્યુટીકલ કંપનીના બાકી રહેલ કુલ ૧૭ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ સેન્ટર પર કરવામાં આવ્યા. આમ કુલ ૩૨ કર્મચારીઓના મેડિકલ ફિટનેસ સેન્ટર ઉપર કરાવીને એ કંપનીઓને આ સંસ્થા મદદરૂપ થયેલ છે.

**તા. ૧૪-૧૦-૨૦૨૫**

- આજ રોજ ટ્રાયો એજન્સીમાંથી એન્જિનિયર આવેલ હતા અને એક્સ-રે ડિપાર્ટમેન્ટના એરકન્ડિશનરની બગડી ગયેલ મોટરને રીપેર કરાવીને એરકન્ડિશનર ચાલુ કરવામાં આવેલ છે.
- આજ રોજ શ્રી રજનીકાંતભાઈ, શ્રી કિશોરભાઈ અને ડૉ. દિનેશ પટેલ સેન્ટરની મુલાકાતે આવેલ હતા અને ડૉ. કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટરના કામકાજ બાબતે, પેશન્ટ બાબતે તેમજ ચોવીસ કલાક પેશન્ટને દાખલ કરવા બાબતે ચર્ચા કરી કે જેમાં પેશન્ટને દાખલ કરવાનું કાર્ય શરૂ કર્યું તેનું રજિસ્ટ્રેશન કરાવવું, ઓ.પી.ડી.ના ડૉક્ટર પાસેથી પી.પી.એસ. સર્ટીફિકેટ મેળવવા વગેરે કામ કરવા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- ડૉ. હિતેન્દ્ર શાહના માર્ગદર્શનથી ચાંગોદર ટુ-ડે મેગેઝીનમાં પ્રથમ પેજ ઉપર સેન્ટરની જાહેરાત આપવાનું કાર્ય પૂર્ણ કરેલ છે. જે મેગેઝીન મોરૈયા - ચાંગોદરના નજીકના વિસ્તારની ૨૦૦૦થી ૨૫૦૦ કંપનીમાં વિતરણ કરવામાં આવે છે. જે મારફતે સેન્ટરમાં દર્દીને દાખલ થવાની સુવિધા તથા ચોવીસ કલાક ઈમરજન્સી સારવારની સુવિધા વગેરેની માહિતી આ કંપનીઓને મળી શકે.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૧૭-૯-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગરના તમામ સ્ટાફને ફાયર વિભાગના અધિકારી જયપ્રકાશભાઈ દ્વારા ફાયર સેફ્ટીના સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો એની પ્રેક્ટીકલ ટ્રેનિંગ આપવામાં આવી.

**તા. ૧૮-૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. એમણે સેન્ટરમાં ઓ.પી.ડી. કન્સલ્ટન્ટની જરૂરિયાત પ્રમાણે 'ગુજરાત સમાચાર'માં જાહેર ખબર આપવાનું સૂચન કર્યું.

**તા. ૨૩-૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. કોમલ દવેએ સ્નેહલભાઈ ભાવસાર સાથે શ્લોક હોસ્પિટલ - મણિનગર ડૉ. પ્રજ્ઞેશ વોરા (M.D. Physician)ની મુલાકાત લીધી.

**તા. ૨૬-૯-૨૦૨૫**

- આજ રોજ એડમિન સ્નેહલભાઈ ભાવસારે વટવા જી.આઈ.ડી.સી. મેડિકલ એસો.ના ભાવેશભાઈ સાથે મુલાકાત કરી અને સેન્ટરની અલગ અલગ સુવિધાઓ વિશે માહિતી આપી.

**તા. ૨૭-૯-૨૦૨૫**

- જશોદાનગર સેન્ટર પર આજે નવરાત્રિ ફેસ્ટીવલની ઉજવણી

કરવામાં આવી. સેન્ટરના સ્ટાફે ગરબા રમીને ઉજવણી કરી.

**તા. ૩૦-૯-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.
- આજ રોજ મણિનગર ખાતે આવેલ બાલકૃષ્ણની હવેલીમાં સિનિયર સિટીઝન્સ કાઉન્સિલની મીટિંગ રાખવામાં આવેલ. જેમાં સેન્ટરના એડમિન સ્નેહલભાઈ તથા દર્શનાબેને બેનર અને પેમ્ફલેટ વિતરણ કર્યું હતું. જેમાં સેન્ટરમાં આવતા ડાયાબીટોલોજિસ્ટ ડૉ. વિપુલ ચાવડાએ ડાયાબિટીસ માટે લોકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

*જેના હૃદયમાં કોઈનું સારું કરવાનો ભાવ હોય છે,*
*ઈશ્વર તેના જીવનમાં કોઈ વસ્તુનો અભાવ રહેવા દેતો નથી.*

**તા. ૧-૧૦-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા આંખની પ્રોસીજર (OCT) કરવામાં આવી.
- આજથી ડૉ. કુલીન શેઠ કાર્ડિયોલોજિસ્ટને બદલે ડૉ. પાર્થ ઠક્કર કાર્ડિયોલોજિસ્ટ તરીકે આવશે. જે દર મંગળવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૪-૧૦-૨૦૨૫**

- આજ રોજ ડૉ. સંદીપ પટેલ (જનરલ સર્જન) દ્વારા Nail Exicisionની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૧૩-૧૦-૨૦૨૫**

- આજે ડૉ. હર્ષિલ પોરિયા (ઓર્થોપેડિક) દ્વારા I & D ની પ્રોસીજર કરવામાં આવી.

## વીલ આવું બનાવાય તો ઘર-ઘરમાં સોનેરી સૂરજ ઉગી ઉઠે

૧. અંતિમ સમયે મને દવાખાને કે હોસ્પિટલે લઈ જશો નહીં.
૨. મને ઘરમાં ય ગ્લુકોઝ કે લોહીના બાટલા ચડાવશો નહીં.
૩. અંતિમ સમયે ડૉક્ટરને નહીં પણ દેવ-ગુરૂને બોલાવશો.
૪. મને વધારેમાં વધારે ચૌવિહારમાં જ રાખશો.
૫. સૂર્યાસ્ત પછી રાત્રિના સમયે મને પાણી કે દવા પીવડાવશો નહીં.
૬. દીકરા-દીકરીને બોલાવવા મને પૂછશો નહીં.
૭. અંતિમ સમયે મને કેટલું દાનપુણ્ય કરવાની ભાવના છે તે પૂછશો નહીં.
૮. અંતિમ સમયે ફોન કરીને બધાને બોલાવશો નહીં.
૯. અંતિમ સમયે મારી સાથે બેસીને સંસારની વાતો કરશો નહીં.
૧૦. અંતિમ સમયે મારી પાસે બેસીને લેણા-દેણાની વાતો કરશો નહીં.
૧૧. અંતિમ સમયે મારી પાસે બેસીને મને પાપોની આલોચના, સંથારો, ધાર્મિક ક્રિયા કરાવજો.
૧૨. અંતિમ સમયે મારી પાસે બેસીને માંગલિક, નવકાર મંત્રનો જાપ કરાવજો.
૧૩. મને વધારે જીવાડવા, રોગથી મુક્ત કરવા મિથ્યા માનતા માનશો નહીં.
૧૪. અશાતામાં પીડાતો જોઈ જલ્દી મિથ્યાભાવ રાખશો નહીં.
૧૫. મને અશાતાના કે મોહના ઉદયે મારાથી હાયવોય થઈ જાય તો મને સ્થિર કરશો.
૧૬. ભેદજ્ઞાન, અનિત્ય ભાવનાની વાતો સંભળાવી સ્વરૂપમાં મને સ્થિર કરશો.
૧૭. અંતિમ સમયે મારી અશાતામાં મને મહાપુરુષોના મરણાંત ઉપસર્ગની વાતો સંભળાવશો.
૧૮. મારો ઉપયોગ પરમાં ક્યાંય અટવાઈ ન જાય તેની સાવધાની રાખશો.
૧૯. બધા સંસારી સગાથી દૂર રાખી મને નિઃસંગતાનો એકડો ઘૂંટાવજો.
૨૦. અંતિમ સમયે મારી પાસે બેસીને રડશો નહીં તથા આર્તધ્યાન કરશો નહીં.
૨૧. મનો ઝોકા કે ઊંઘ ન આવી જાય તેનું ધ્યાન રાખશો. જેથી હું વધારે સમય ધર્મારાધના કરી શકું.
૨૨. મારા મૃત્યુ પછી મારા નિર્જીવ શરીરને વધારે સમય રાખશો નહીં.
૨૩. મારા મૃત્યુ પછી કોઈ પણ જાતનો આરંભ-સમારંભ કરશો નહીં.
૨૪. મારા મૃત્યુ પછી પ્રાર્થના ઉઠમણા આદિની વ્યવસ્થા કરશો નહીં.
૨૫. મારા મૃત્યુ પછી કોઈ મિથ્યા વ્યવહાર કરશો નહીં.
૨૬. મારા મૃત્યુ પછી ખાવા-પીવા-પહેરવા-ઓઢવામાં અંતરાય કરશો નહીં.
૨૭. મારા મૃત્યુ પછી શોક પાળશો નહીં.
૨૮. મારા મૃત્યુ પછી મને વારંવાર યાદ કરી આર્તધ્યાન કરશો નહીં.
૨૯. મારા નામે કોઈ નવો પરિગ્રહ વધારશો નહીં કે વસાવશો નહીં.
૩૦. કદાચ મારાથી કોઈ મિથ્યા પરંપરા, રીત-રિવાજ ચાલુ થઈ ગયો હોય તો તે બંધ કરશો.

તારક એવા પ્રભુના શાસનને પામેલા પુણ્યાત્માઓ ઉપરોક્ત મુદ્દાઓને અપનાવશે તો તેઓને મરતા સમાધિ અને ભવાંતરમાં સદ્‌ગતિ નિશ્ચિત થશે એમાં કોઈ બેમત નથી.

*આ વીલ પ્રેમસભર હૈયે, સમજપૂર્વક કરું છું.*
*મારી વિનંતી માનજો. બધાને મારા મિચ્છામિ દુક્કડં.*

**પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ**

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## ધડાકા જેવો મોટો અવાજ સંભળાતાં આંખ કેમ બંધ થઈ જાય છે?

આપણી આસપાસ ક્યારેક મોટો ફટાકડો ફૂટે કે કોઈ વજનદાર ચીજ પછડાય ત્યારે તેનો અવાજ સાંભળતા જ આપણી આંખ મિંચાઈ જાય છે. એટલે કે પાંપણ ઝપકી જાય છે. આવું થવાનું કારણ એ છે કે કાનના પડદા પર આવો કોઈ પણ અવાજ ઝીલાય ત્યારે એ સતત ધ્રૂજે છે. આ ધ્રુજારી કાનની અંદરના હાડકામાં થઈ જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સુધી પહોંચે ત્યારે મગજ આ ધ્રુજારીને ઓળખી પાડે છે. મગજમાં આખા શરીરની વ્યવસ્થાનું કામ ચાલતું હોય ત્યારે અચાનક જ એ ભયંકર ધ્રુજારીનો આંચકો આવતાં જ્ઞાનતંતુઓના ફ્યુઝ ઉડી જાય છે. તેથી જો અચાનક જ્ઞાનતંતુઓ પર વધારે પડતી તાણ આવે ત્યારે જ્ઞાનતંતુઓ પોતાના છેડા છૂટા પડી જતાં શરીરના સ્નાયુઓ ઉપરથી કાબૂ જતો રહે છે. આ કારણસર બધા સ્નાયુ ઢીલા પડી જાય છે. અચાનક ધડાકાનો અવાજ કાન પર સંભળાય છે ત્યારે મગજ સુધી ભયંકર ધ્રુજારી પહોંચે છે. એટલા માટે આંખની પાંપણ તરત જ મિંચાઈ જાય છે.

## ડિજીટલ પેનની અદ્‌ભુત ટેકનોલોજી

કાગળ ઉપર લખેલું લખાણ સીધું જ વાયરલેસ પદ્ધતિથી કમ્પ્યુટરમાં સ્ટોર કરી આપતી ડિજીટલ પેન આધુનિક ઈલેક્ટ્રોનિક સાધન છે. સામાન્ય પેન કરતાં થોડી ઘણી જાડી એવી આ પેનમાં ઈલેક્ટ્રોનિક સર્કિટ, ઓપ્ટીકલ ડિવાઈસ અને બ્લ્યુ ટુથ હોય છે. તેનું કામ પણ જાણવા જેવું છે.

ડિજીટલ પેન આડી અને ઊભી લીટીઓવાળા ખાસ પ્રકારના પેડ ઉપર ચલાવવી પડે છે. આ પેન કોમ્પ્યુટર સાથે જોડી શકાય છે. બેટરીવાળી પેન સ્વતંત્ર રીતે કામ કરે છે. પેનમાં ખાસ પ્રકારની શાહી પણ હોય. એટલે લખીએ ત્યારે તે જોઈ શકાય છે. તેની અણીની બાજુમાં ફોટોસેલ હોય છે. તે અણીની ગતિ અને દિશાની નોંધ લઈ માઈક્રોચીપને મોકલે છે. માઈક્રોચીપમાં તેના અક્ષરો બને છે અને તે બ્લ્યુ ટુથ દ્વારા કમ્પ્યુટરમાં જાય છે. આ અક્ષર ગ્રાફિક તરીકે સંઘરાય છે, ફોન્ટ તરીકે નહીં.

ડિજીટલ પેનના ઢાંકણમાં શાહીનું રીફીલ, ડોકિંગ કનેક્ટર, ઈન્ડિકેટર લાઈટ હોય છે. આ પેન ખિસ્સામાં રહી શકે તેવા અનુકૂળ આકારની હોય છે.

## વિશ્વની અજાયબી જેવી લીફ્ટ

- પેરિસના એફિલ ટાવરની ટોચે પહોંચવા બે માળની લીફ્ટ છે. જૂની પરંપરાગત ઢબની આ લીફ્ટમાં બંને તરફ બબ્બે એલિવેટર છે. બે ખાના નીચે જતા હોય ત્યારે સામેના બે ખાના ઉપર જતા હોય. આમ સામ સામે સમતોલન જળવાય અને લીફ્ટ ઓછી વીજળીથી ચાલે.

  વિશ્વની સૌથી ઝડપી લીફ્ટ તાઈવાનના ૫૦૯ મીટર ઊંચા ૧૦૧ માળના તાઈપેઈ ટાવરમાં છે. દર મિનિટે ૧૦૧૦ મીટરની ઊંચાઈએ પહોંચે છે. લીફ્ટ ચાલુ કર્યા પછી ૧૬ સેકંડમાં ઝડપ મેળવી લે છે.

  જર્મનીના હેનોવરના ન્યુ સીટી હોલમાં ત્રાંસો ઢાળ ચડવા માટેની લીફ્ટ છે. લીફ્ટની કેબિન ઉપરની તરફ ૧૫ ડિગ્રીના ખૂણે ત્રાંસી ચડે છે અને ૪૩ મીટરની ઊંચાઈએ પહોંચે છે.

  ડિઝનીલેન્ડમાં આવેલી ભૂતિયા લીફ્ટ આનંદદાયક રાઈડ છે. આ લીફ્ટ ઉપરની તરફ નહીં પણ ભૂગર્ભના ભોંયરામાં લઈ જાય છે. લીફ્ટની કેબિન ઉપર છાપરું હોતું નથી. લીફ્ટના કેબિનની દીવાલ યાને બહારની દીવાલની ડિઝાઈન એક સરખી હોય છે. આ લીફ્ટમાં બેઠેલા પ્રવાસીઓને લીફ્ટ નહીં પણ દીવાલ ઉપરની તરફ લંબાતી હોય તેવો આભાસ કરાવે છે.

## ૪૦ રોગની રસીનો શોધક : મોરિસ હિલમેન

રસી અનેક રોગોથી બચાવે છે. વાઈરસથી થતા ઘણા રોગોથી પણ રસી બચાવે છે. રસીકરણ વિશે આપણે ઘણું જાણીએ છીએ. ઘણા સંશોધકોએ વિવિધ રસીની શોધ કરેલી. તેમાં મોરિસ હિલમેન અગ્રણી છે. તેણે શીતળા, હિપેટાઈટીસ-બી અને મેનેન્જાઈટીસ જેવા આઠ જીવલેણ રોગ ઉપરાંત અન્ય ૪૦ રસીની શોધ કરેલી છે.

મોરિસ હિલમેનનો જન્મ અમેરિકાના મોન્ટાના રાજ્યના માઈલ્સ શહેરમાં ઈ.સ. ૧૯૧૯ના ઓગસ્ટની ૩૦ તારીખે

થયો હતો. હિલમેનના જન્મ પછી તરત જ તેની માતાનું અવસાન થયું. તેથી તેનો ઉછેર તેના કાકાના ઘરે થયો હતો. તેના કાકા મરઘા ઉછેરતા. હિલમેનને બાળપણથી જ મરઘાનો અભ્યાસ કરવાની તક મળેલી.

મોરિસ ચર્ચની લાઈબ્રેરીમાં વાંચવા જતો. ત્યાં તેણે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ વિશે વાંચ્યું અને પ્રભાવિત થયો. ભણવામાં હોંશિયાર હોવાથી સ્કોલરશિપ મળેલી. મોન્ટાના યુનિવર્સિટીમાંથી તે માઈક્રો બાયોલોજીમાં ડોક્ટર બન્યો. ડોક્ટર બન્યા બાદ તેણે ૧૯૪૮થી ૧૯૫૮ સુધી સેનામાં ડૉક્ટર તરીકે સેવા આપી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેણે એન્ફ્લ્યુએન્ઝાની રસી શોધી. જેનાથી સંખ્યાબંધ સૈનિકોના જીવ બચી ગયા. આ શોધથી તે પ્રસિદ્ધ થયો. તેને સેનાનો ઉચ્ચ મેડલ પણ એનાયત થયેલો.

૧૯૫૭માં હિલમેન દવા ઉત્પાદક કંપનીમાં સંશોધક તરીકે જોડાયો. તેણે આઠ જીવલેણ અને ૪૦ અન્ય રોગોની રસીની શોધ કરી માનવજાતની અમૂલ્ય સેવા કરી. હિલમેન સખત મહેનતુ હતો. તે હંમેશાં લશ્કરી ધોરણે કામ કરતો. નિવૃત્ત થયા પછી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનમાં સલાહકાર તરીકે સેવા આપેલી. ૨૦૦૫ના એપ્રિલની ૧૧ તારીખે તેમનું અવસાન થયું હતું.

## સાપની કાંચળી શું છે?

સજીવ સૃષ્ટિમાં શરીરનું રક્ષણ મહત્ત્વનું છે. વિવિધ ભૌગોલિક સ્થિતિ, વિવિધ હવામાન અને પર્યાવરણમાં રહેનારા પ્રાણીઓમાં શરીરના બાહ્ય રક્ષણ માટે વિવિધ કુદરતી તરકીબો હોય છે. કેટલાકના શરીર પર ભરચક વાળ હોય છે, કેટલાકની ચામડી જાડી હોય છે, તો કેટલાકને સખત કવચ હોય છે.

પરંતુ સાપની વાત જુદી છે. સાપ, અજગર જેવા પગ વિનાના પેટ ઘસડીને ચાલનારા પ્રાણીઓને લચીલા શરીર હોય છે. સાંકડા દરમાં પેસતી વખતે ચામડી ઘસાતી હોય છે. સાપની ચામડી હંમેશાં સુંવાળી રહે તે જરૂરી છે.

આ માટે સાપના શરીર પર પારદર્શક આવરણ હોય છે. સાપ દર મહિને આવરણ બદલે છે. ચામડી ઉપરના આ આવરણને કાંચળી કહે છે. તે બગડી જાય ત્યારે સાપ તેને બદલવા માટે દરમાં સંતાઈ જાય છે. આ સમયે નવું આવરણ તૈયાર થાય છે. જૂના પડની નીચે ચીકણું પ્રવાહી ઉત્પન્ન થાય છે.

નવું આવરણ તૈયાર થાય એટલે સાપ મોજામાંથી બહાર નીકળતો હોય તે રીતે કાંચળી તોડીને બહાર આવે છે. જૂની કાંચળી છોડીને તે ચાલ્યો જાય છે. જંગલમાં આવી જૂની કાંચળી ઘણીવાર જોવા મળે છે. આ કાંચળી સફેદ રંગના પારદર્શક પ્લાસ્ટીક જેવી હોય છે.

## ખાંડની શોધ ભારતમાં થઈ હતી

ખોરાકમાં ગળપણ માટે વિશ્વભરમાં ગોળ અને ખાંડનો ઉપયોગ થાય છે. આ બંને પદાર્થોની શોધ ભારતમાં થઈ હતી. અગાઉ લોકો મધ અને ફળોમાંથી ગળપણ મેળવતા.

અંગ્રેજીમાં ખાંડને સુગર કહે છે. તે સંસ્કૃત 'શર્કરા' પરથી ઉતરી આવેલ છે. ખાંડ, એ પાણીમાં ઓગળતું કાર્બોહાઈડ્રેટ છે. આપણા રોજિંદા વપરાશમાં લેવાતી ખાંડ વિજ્ઞાનની દૃષ્ટિએ સુક્રોઝ છે. તે ગ્લુકોઝ અને ફ્રુકટોઝનું ડીસેકેરાઈડ સ્વરૂપ છે. ખાંડ શેરડી અને સુગરબીટ એમ બંનેમાંથી બને છે. ગોળ શેરડી ઉપરાંત વાડીમાંથી બને છે.

દરેક વનસ્પતિમાં થોડા ઘણા અંશે સુગર હોય છે. શેરડી અને સુગરબીટમાં તેનું પ્રમાણ ખાંડ બનાવી શકાય તેટલું હોય છે. ભારતમાં ખાંડ કે સાકર પ્રાચીનકાળથી બને છે. પાંચમી સદીમાં ભારતમાં સાકર બનતી તે સ્ફટીક કે ગાંગડા સ્વરૂપે હતી. તેને શર્કરા કે ખાંડ કહેતા. જે રીતે શર્કરા ઉપરથી સુગર શબ્દ બન્યો તે જ રીતે ખાંડ ઉપરથી અંગ્રેજી શબ્દ કેન્ડી બન્યો છે. આરબ દેશોમાં પણ ખાંડ બનતી, પણ ભારતની સાકર વિશ્વભરમાં સારી ગણાતી. યુરોપમાં ખાંડનો ઉપયોગ માત્ર દવા તરીકે થતો. ભારત સિવાયના દેશોમાં સાકર વૈભવી ખાદ્ય ગણાતું. છઠ્ઠી સદીમાં ભારતમાં સફેદ ગાંગડા સ્વરૂપે રીફાઈન્ડ સાકર બનાવવાનો ઉદ્યોગ વિકસેલો. બારમી સદીમાં તે યુરોપ સહિત વિદેશોમાં પહોંચી હતી.

કેમિસ્ટ્રીની દૃષ્ટિએ સુક્રોઝ, ગ્લુકોઝ, ફ્રુકટોઝ જેવા મોનોસેકેરાઈઝ્ડ કાર્બોહાઈડ્રેટ છે, જેને 'સિમ્પલ સુગર' કહે છે. તે લોહીમાં સીધી ભળે છે. અન્ય વનસ્પતિજ આહારમાંથી પણ સુગર મળે છે. તેને કોમ્પ્લેક્સ સુગર કહે છે. આજે સૌથી વધુ ખાંડનું ઉત્પાદન કરતા દેશોમાં બ્રાઝીલ, ભારત અને ઓસ્ટ્રેલિયા છે. ■

*પવન એનો એ જ હોય છતાં*
*એક વહાણ પૂર્વ દિશામાં ગતિ કરે છે,*
*જ્યારે બીજું પશ્ચિમમાં.*
*ગતિની દિશા માટે સઢ જવાબદાર છે, પવન નહીં.*
*એ જ રીતે જીવનરૂપી વહાણને મંઝિલે પહોંચાડવા માટે*
*દૃઢ આત્મબળ જવાબદાર છે, બાહ્ય પરિબળો નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૪

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. હવા ઉજાસ વગરનું સ્થાન (૪)
૪. ગંગા-જમના-સરસ્વતીનું સંગમ સ્થાન (૩)
૬. સસલાની માદા (૩)
૮. ઓડકાર (૩)
૯. જુસ્સો, જોર, આવેશ (૩)
૧૦. કપાસને અનુકૂળ કાળી જમીન વડોદરા-ભરૂચ વચ્ચેનો પ્રદેશ (૩)
૧૧. સિપાઈઓનો ગણવેશ (૩)
૧૨. મદમાતું, મદમત્ત (૪)
૧૪. ચારે સરખા ખૂણાવાળી આકૃતિ (૩)
૧૫. સુંદર માળો બનાવતું પક્ષી (૩)
૧૬. આસક્ત, લીન (૨)
૧૮. સ્વપ્ન, ઊંઘમાં ભાસતો દેખાવ (૩)
૧૯. સૂરજ, અઠવાડિયાનો પ્રથમ વાર (૨)
૨૦. ખાંડના પાસાદાર ગાંગડા (૩)
૨૨. અંધારિયાનો છેલ્લો દિવસ (૩)
૨૪. ચામડીનો એક રોગ, દાદર (૩)
૨૫. નિર્ધન, દીન, રંક (૩)
૨૬. આંખ, પૃથ્વીની ધરી રમવાનો પાસો (૨)
૨૮. ત્રણ ફૂટ જેટલું માપ (૨)
૨૯. મારફાડ, તોફાન, ધીંગાણું (૪)
૩૧. શાબાશી બદલ આપવામાં આવતો પોષાક (૪)
૩૩. અતિશય તરસ, ટામેટાનો ______ (૨)
૩૪. જંગલ, અરણ્ય (૨)
૩૫. પાણી, વારિ (૨)
૩૬. કાંડે કે અંબોડે પહેરવાનો ફૂલનો હાર (૩)
૩૭. ઘોરિયો, ખાળ, ગટર (૨)
૩૯. શક્તિ, બળ (ઇં) (૩)
૪૦. રામની ભક્ત (૩)
૪૧. મીઠું, નમક (૪)

### ઊભી ચાવીઓ

૧. બળવો, બગાવત, વિદ્રોહ (૨)
૨. ધખવું તે, તાપ, ધખારો (૩)
૩. દોસ્તી, મિત્રતા (૨)
૪. ત્રણ વેદ જાણનારો (૩)
૫. ગતિ, ઝડપ, સ્પીડ (૨)
૬. માશુક, પ્રિયતમા (૩)
૭. સઘળું, તમામ, ભેગું (૩)
૯. એક જાતનો લીસો ચળકતો પથ્થર (૬)
૧૦. એક મુસ્લિમ અટક (૩)
૧૧. બાર મહિનાનો સમૂહ (૩)
૧૨. ભેજામારી, માથાકુટ (૫)
૧૩. વાદળમાંથી પાણી પડવું તે (૪)
૧૭. ઝઘડો, કજિયો, ટંટો (૪)
૧૯. ચતુર, બુદ્ધિમાન (૪)
૨૧. ધૂળનો કણ (૨)
૨૨. મીઠું પકવવાની ક્યારી (૩)
૨૩. મીઠું, સર્વરસ (૪)
૨૬. અક્ષય તૃતીયા (૪)
૨૭. ઘરમાંની ચીજવસ્તુ (૫)
૨૮. પગથિયાવાળો કૂવો (૨)
૩૦. સખી, પ્રિયા (૩)
૩૨. પાંદડું (૨)
૩૩. સૂર્યને લગતું, સૌર (૨)
૩૫. કવચિત, ભાગ્યે જ (૩)
૩૬. મોટું દુઃખ, આશ્રય (૩)
૩૮. દમ (૨)

***નોંધ :*** *"શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

*પાણીનું એક ટીપું સરોવરમાં પડે તો તેની કોઈ ઓળખ રહેતી નથી, પરંતુ જો તે કમળના પાન પર પડે તો મોતીની જેમ ચમકી ઉઠે છે. તમારી જિંદગી ઝળકાવવા માટે યોગ્ય જગ્યા પસંદ કરો.*

## NanoNine® શબ્દ રમત-૨૨૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | સ | કો | રી | ■ | પા | તા | ળ | ■ | વા | દ | ન |
| ર | મ | ત | ■ | સૂ | ર | ણ | ■ | અ | સ | વા | ર |
| મ | જૂ | ર | ■ | ■ | ણું | ■ | ભા | વ | ના | ■ | મ |
| ■ | તી | ■ | વ | લ | ■ | સ | ર | સ | ■ | આ | દિ |
| ભ | ■ | આ | દ | ત | ■ | વ | ■ | ર | વ | ■ | લ |
| ગ | ર | દ | ન | ■ | અ | લ | ગ | ■ | ન | ખી | ■ |
| ત | મા | મ | ■ | વ | ખ | ત | ■ | ખ | લ | ■ | સુ |
| ■ | કાં | ■ | દા | દ | રો | ■ | વા | ર | તા | ■ | મ |
| સં | ત | રા | મ | ■ | ટ | ર્મિ | ન | લ | ■ | મ | ન |
| ક | ■ | ■ | ■ | પા | ■ | ■ | ર | ■ | ■ | જા | ■ |
| લ | જા | મ | મી | ■ | ક | ક્ષ | ■ | ના | પા | ક | ■ |
| ન | મ | ન | ■ | પ | ર | મા | નં | દ | ■ | ■ | ચા |

*સપ્ટેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૨ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. હસમુખ દામજી દેઢિયા – અડાલજ, અમદાવાદ
૩. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૪. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૫. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૬. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૭. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૮. ગુણવંતી ગુલાબચંદ ડાઘા – અમદાવાદ
૯. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૦. મિત્તલ પટેલ – અમદાવાદ
૧૧. દિશા પટેલ – અમદાવાદ
૧૨. વંદના શાહ – અમદાવાદ
૧૩. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૧૪. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૫. પ્રવીણ જેતશીભાઈ દંડ – અમદાવાદ
૧૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૭. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૮. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૯. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૨૦. મિલન પદમશી શાહ (ગોસર) – અમદાવાદ
૨૧. બીના નીરવ સંઘવી – અમદાવાદ
૨૨. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૨૩. રીટા નિખિલ વૈદ્ય – અમદાવાદ
૨૪. પુષ્પા આર. ભીંડે – અંજાર (કચ્છ)
૨૫. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૨૬. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૨૭. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૨૮. મીનાબેન ધનેશભાઈ ખરીદીયા – અમદાવાદ
૨૯. ઇંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
૩૦. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૩૧. મિતેશ જયંતીલાલ દેઢિયા – અમદાવાદ
૩૨. મૈત્રી રીકેશ વોરા – અમદાવાદ
૩૩. મણિલાલ ડી. રૂઘાણી – પોરબંદર (સૌરાષ્ટ્ર)

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : (૧) સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
(૨) બીના નીરવ સંઘવી – અમદાવાદ
(૩) મીનાબેન ધનેશભાઈ ખરીદીયા – અમદાવાદ

## સપ્ટેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૦ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ

૧. હેમલતા હસમુખ દેઢિયા – અડાલજ
૨. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૩. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૪. મિલન પદમશી શાહ (ગોસર) – અમદાવાદ
૫. અશોક વી. શાહ – ગાંધીનગર
૬. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૭. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૮. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૯. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૦. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૧. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૨. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૩. નયના જય ગોગરી – અમદાવાદ
૧૪. પારસ ગુણવંતલાલ શાહ – મુંબઈ
૧૫. પુષ્પા વિશનજી દેઢિયા – મુંબઈ
૧૬. પુષ્પા આર. ભીંડે – અંજાર (કચ્છ)
૧૭. સુશાંત મોહન સાવલા – અમદાવાદ
૧૮. આશિષ નવનીત પરીખ – બોપલ, અમદાવાદ
૧૯. ચંદ્રિકા એ. શાહ – સુરત
૨૦. મીનાબેન ધનેશભાઈ ખરીદીયા – અમદાવાદ
૨૧. ઇંદુબેન મનુભાઈ પટેલ – અમદાવાદ
૨૨. નયના ઉદય કારાણી – અમદાવાદ
૨૩. મિતેશ જયંતીલાલ દેઢિયા – અમદાવાદ
૨૪. દિનેશ મોહનલાલ વોરા – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) અશોક વી. શાહ – ગાંધીનગર
(૨) પુષ્પા આર. ભીંડે – અંજાર (કચ્છ)

## NanoNine™ Sudoku

સપ્ટેમ્બર-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૦ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ

**પાના નંબર – ૩૮**

## દીપોત્સવી પર્વ

*જૈન ધર્મમાં દિવાળીના આ તહેવારોનું મહત્ત્વ અત્યંત વધારે છે. આ દિવસને ભગવાન મહાવીર સ્વામીનો નિર્વાણ દિવસ પણ કહેવાય છે. તે દિવસે તેમને મોક્ષની પ્રાપ્તિ થયેલ હતી.*

*જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન વર્ધમાન મહાવીરને ઈ.સ. પૂર્વે ૫૨૭માં બિહારના પાવાપુરીમાં આસો મહિનાની અમાસે મોક્ષની પ્રાપ્તિ થઈ હતી. તેઓ મોક્ષ પામ્યા અને જન્મ-મરણના ચક્રથી મુક્ત થઈ ગયા. જૈનોએ ત્યારે પાવાપુરીમાં ભેગા થઈ નક્કી કર્યું કે જ્ઞાનની જીવતી જ્યોત તો પરમધામમાં ગઈ છે પણ આપણે કૃત્રિમ જ્યોત પ્રકાશિત કરીશું. તે દિવસે જૈનો અનેક દીવા પ્રગટાવે છે. દેરાસરોમાં વિશેષ પૂજન, અર્ચન, ઉપવાસ, સ્વાધ્યાય વગેરે કરવામાં આવે છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૮૨અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૧૧-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૮૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | | | 8 | 1 | | |
| 3 | 5 | | | | 4 | | | 8 |
| | | | 7 | 3 | | 4 | 6 | |
| 9 | | | | | 3 | 2 | 5 | |
| 7 | | | | 5 | | | | 1 |
| | 3 | 5 | 2 | | | | | 6 |
| | 6 | 8 | | 9 | 2 | | | |
| 5 | | | 8 | | | | 9 | 3 |
| | | 3 | 6 | | | 8 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 7 | | 1 | | 3 | | | |
| | | 4 | | 7 | | | 3 | |
| | | 9 | | | | 7 | 1 | 2 |
| | 5 | | 8 | 1 | | | | 6 |
| | | 3 | | | | 1 | | |
| 8 | | | | 6 | 5 | | 9 | |
| 2 | 4 | 6 | | | | 9 | | |
| | 3 | | | 8 | | 6 | | |
| | | | 6 | | 2 | | 4 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 4 | 1 | | | | | |
| | | | | 4 | 6 | | 8 | 2 |
| | 6 | | 5 | | | 4 | | |
| | 2 | | 9 | | | | | 4 |
| 5 | | | | 1 | | | | 7 |
| 1 | | | | | 8 | | 9 | |
| | | 6 | | | 1 | | 7 | |
| 8 | 5 | | 7 | 3 | | | | |
| | | | | | 4 | 1 | | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | 9 | | 5 | | | 4 |
| | | | | | | | 9 | 2 |
| | 9 | | 1 | 7 | | | 3 | |
| 1 | | 7 | | | 3 | 4 | | |
| 5 | | | | 1 | | | | 9 |
| | | 9 | 4 | | | 8 | | |
| | 7 | | | 6 | 4 | | 8 | |
| 8 | 6 | | | | | | | |
| 2 | | | 3 | | 9 | 7 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૮૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | 5 | 9 | 6 | 7 | 1 | 3 | 2 |
| 1 | 9 | 2 | 3 | 4 | 5 | 8 | 7 | 6 |
| 6 | 3 | 7 | 1 | 2 | 8 | 9 | 5 | 4 |
| 5 | 1 | 3 | 8 | 9 | 2 | 6 | 4 | 7 |
| 2 | 6 | 9 | 7 | 1 | 4 | 3 | 8 | 5 |
| 8 | 7 | 4 | 5 | 3 | 6 | 2 | 1 | 9 |
| 7 | 5 | 6 | 2 | 8 | 1 | 4 | 9 | 3 |
| 9 | 4 | 8 | 6 | 5 | 3 | 7 | 2 | 1 |
| 3 | 2 | 1 | 4 | 7 | 9 | 5 | 6 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 8 | 9 | 5 | 4 | 3 | 6 | 2 |
| 6 | 4 | 5 | 3 | 2 | 7 | 8 | 1 | 9 |
| 3 | 9 | 2 | 6 | 8 | 1 | 5 | 4 | 7 |
| 7 | 3 | 1 | 4 | 9 | 5 | 2 | 8 | 6 |
| 4 | 2 | 9 | 1 | 6 | 8 | 7 | 3 | 5 |
| 5 | 8 | 6 | 2 | 7 | 3 | 4 | 9 | 1 |
| 2 | 1 | 7 | 8 | 4 | 9 | 6 | 5 | 3 |
| 9 | 5 | 4 | 7 | 3 | 6 | 1 | 2 | 8 |
| 8 | 6 | 3 | 5 | 1 | 2 | 9 | 7 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 7 | 9 | 5 | 6 | 4 | 8 | 2 | 1 |
| 4 | 5 | 2 | 8 | 3 | 1 | 9 | 6 | 7 |
| 8 | 6 | 1 | 7 | 2 | 9 | 3 | 5 | 4 |
| 7 | 4 | 6 | 3 | 5 | 2 | 1 | 9 | 8 |
| 1 | 2 | 3 | 4 | 9 | 8 | 6 | 7 | 5 |
| 5 | 9 | 8 | 1 | 7 | 6 | 2 | 4 | 3 |
| 9 | 3 | 4 | 6 | 1 | 7 | 5 | 8 | 2 |
| 2 | 1 | 7 | 9 | 8 | 5 | 4 | 3 | 6 |
| 6 | 8 | 5 | 2 | 4 | 3 | 7 | 1 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 2 | 6 | 3 | 7 | 5 | 9 | 8 |
| 3 | 5 | 8 | 1 | 9 | 2 | 6 | 4 | 7 |
| 6 | 9 | 7 | 4 | 5 | 8 | 3 | 1 | 2 |
| 1 | 8 | 6 | 2 | 7 | 4 | 9 | 3 | 5 |
| 2 | 3 | 9 | 8 | 1 | 5 | 7 | 6 | 4 |
| 7 | 4 | 5 | 9 | 6 | 3 | 2 | 8 | 1 |
| 5 | 6 | 4 | 7 | 8 | 9 | 1 | 2 | 3 |
| 9 | 2 | 3 | 5 | 4 | 1 | 8 | 7 | 6 |
| 8 | 7 | 1 | 3 | 2 | 6 | 4 | 5 | 9 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# પ્રતિભાવ

'મંગલ મંદિર' ઓક્ટોબર-૨૦૨૫માં તંત્રીલેખમાં ઘણા પ્રશ્નો ઉકેલ માંગી રહેલ છે. મુખ્ય તંત્રી શ્રી અશોકભાઈ મહેતાની વય સંલગ્ન સમસ્યાના કારણે આ અંક પૂરતી જવાબદારી ફાલ્ગુની હિરેને સુપેરે નિભાવી છે. પણ લાંબાગાળાના આયોજન માટે વિચારણા માંગી લે છે. શ્રી અશોકભાઈ મહેતાએ મુખ્યતંત્રી તરીકે પૂરા લગાવ, ખંત અને ઉત્સાહથી આ જવાબદારી નિભાવી છે. તે માટે તેઓ અભિનંદનને પાત્ર છે. વિવિધ સ્પર્ધાઓનું આયોજન, એ સુંદર હકારાત્મક સૂચન છે. મંગલ મંદિર વધુને વધુ વાચકો વાંચતા રહે તે પણ ઈચ્છનીય છે. સમાજમાં ઘર ઘર મંગલ મંદિર પહોંચે છે ત્યારે તેનો હેતુ સિધ્ધ થાય તે પણ જરૂરી છે. ડિજીટલ વસ્તીપત્રક એક સુંદર પ્રશંસનીય પગલું છે. સમાજનાં તેજસ્વી તારલાઓએ માત્ર શૈક્ષણિક સિદ્ધિ જ હાંસલ નથી કરી પરંતુ તેઓ વિવિધ ધાર્મિક તથા સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ પ્રદાન આપી રહ્યા છે. કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૈનિક ડાયરીમાં દરેક મેડિકલ સેન્ટરો કેટલા સક્રિય છે તથા કર્મચારીઓ કેટલી નિષ્ઠાથી કામગીરી કરે છે તે ફલીત થાય છે. આ સમાચારોમાં મેડિકલ કાર્ડ તૈયાર કર્યા બાદ તેની PDF બનાવીને વોટ્સએપ પર મોકલી દેવાની ચર્ચા તથા તેનો ફોટો મોબાઈલમાં બતાવી કચ્છી મેમ્બર ૭૫% રાહતમાં મેડિકલ સેન્ટરની સેવાનો લાભ લઈ શકે છે તે મહત્ત્વના સમાચાર છે. તા. ૧૪-૧૦-૨૦૨૫ના રોજ યોજાયેલ સ્વામિવાત્સલ્ય કાર્યક્રમની કુલ ૪૮ રંગીન તસવીરો પ્રસંગને અનુરૂપ છે. ઓગસ્ટ-૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ ૩૦,૯૦૯ વ્યક્તિઓ હતી તે આંકડો જોઈ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓ પરત્વે ગૌરવ થાય. રસીક મહેતા દ્વારા જ્ઞાન વિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતીમાં પાયાના વિજ્ઞાનના સિદ્ધાંતો પર કામ કરતા યુનિટો, તે પાછળના પરિબળો તથા આંધ્રપ્રદેશની પાતાળગંગા બેલુમ ગુફાઓના પ્રવાસન સ્થળની માહિતી પણ જાણવા મળી. તીર્થ દર્શનમાં શ્રી પાટલીપુત્ર તીર્થનો ઈતિહાસ, તેની કથા તથા તેના મહત્ત્વની જાણકારી મળે છે. તે જ પ્રમાણે ચંપાપુરી તીર્થમાં વાસુપૂજ્ય સ્વામી ભગવાનની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ — એમ પાંચેય કલ્યાણકોની આ પાવનભૂમિ પણ દર્શનીય છે તેવું લાગે છે. 'સવાલો અમારો - જવાબ તમારો' સ્પર્ધા વાંચકો કેટલા રસ અને ઉત્સાહથી મંગલ મંદિર વાંચે છે તે દર્શાવે છે. એ જ પ્રમાણે શબ્દરમત અને સુડોકુ સ્પર્ધા વાંચકોમાં એક અભ્યાસ સાથે માનસિક કવાયત કરાવે છે. 'સંઘર્ષથી આત્મ નિર્ભરતા' સુધીમાં ભાગ્યશ્રી સોલંકીની જીવનગાથા સંઘર્ષથી ભરેલી છે. જેને સમાજ તથા અદાણી સ્કીલ ડેવલપમેન્ટથી આત્મસન્માનથી જીવનમાં પગભર થવાની સફળ ગાથા છે. અન્ય સંસ્થાના સમાચારોમાં 'ગ્લોબલ કચ્છ' સંસ્થાને ક્લાઈમેટ ચેન્જ ઍવોર્ડ ૨૦૨૫ એનાયત થયાના સમાચાર ગૌરવ અપાવે છે. વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ ૨૦૨૫ લેખમાં ડૉ. મણિલાલ ગડા તથા ડૉ. દિપ્તી શાહ દ્વારા માનસિક સ્વાસ્થ્ય સુધારવા માટેના પગલા તેમજ પ્રવૃત્તિઓની છણાવટ કરી છે. નવીન વાછાણીના 'જીવનમાં હકારાત્મક દીવડા પ્રગટે એ જ દિવાળી — નવું વર્ષ' લેખમાં જીવનને હકારાત્મક બનાવવાના જુદા જુદા ૧૩ મુદ્દાઓ વ્યવહારમાં અપનાવવાથી ખરેખર જીવનમાં રોજ દિવાળી પ્રગટે તેમ કહી શકાય. ડૉ. કમલેશ શાહનો 'જીવનમાં નાના નાના પ્રશ્નો તથા તેનો ઉકેલ' ઉત્તમ લેખ છે. દરેકે આ લેખ અચૂક વાંચવો રહ્યો. 'મંગલ મંદિર'ની જાહેરાતમાં જોવા મળતા સુવિચારો પણ નોંધનીય હોય છે. દિપાવલીમાં રંગબેરંગી ફટાકડાઓની આતશબાજીથી આકાશ વિવિધ રંગોથી છવાઈ જાય છે તેમ મંગલ મંદિર વિવિધ વિષયોના રંગોથી છવાઈ જાય છે.

***અશોક વી. શાહ - ગાંધીનગર***
***મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯***

*પલમાં હસાવે છે, પલમાં રડાવે છે,*
*ખબર ના પડે ક્યારે કોની સાથે મળાવે છે.*
*જિંદગી પણ કમાલ છે, રોજ નવા અનુભવ કરાવે છે.*

# ઇઝરાયલ - હમાસ યુદ્ધ

આ યુદ્ધ ચાલુ કરનાર ઉગ્રવાદી જુથ હમાસ જે પેલેસ્ટાઈનના એક ભાગ ગાઝા પર શાસન કરે છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના હમાસ દ્વારા ઈઝરાયેલ પર કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી વગર હુમલો કરાયો હતો. આ હુમલામાં ૧૨૦૦ ઈઝરાયલીઓ (મોટા ભાગના નાગરિકો) માર્યા ગયા હતા. હમાસે ૨૫૧ ઈઝરાયેલીઓને બાનમાં લીધા હતા કે જેમાંના કેટલાક હજુ પણ હમાસની કસ્ટડીમાં છે.

ઈઝરાયેલ એક મજબૂત દેશ છે. તેણે ગાઝાને જડબાતોડ જવાબ આપ્યો છે. તેણે પેલેસ્ટાઈનના અન્ય ભાગ પશ્ચિમી કાંઠાને કબજે કરી લીધું છે.

આ યુદ્ધમાં ગાઝાના ૬૭,૦૦૦ નાગરિકો માર્યા ગયા છે જેમાંના મોટાભાગના બાળકો તથા મહિલાઓ છે.

# અન્ય સંસ્થાના સમાચાર

## ચાલો, નવા વર્ષે સંકલ્પ કરીએ.. જીવનને મંગલમય બનાવીએ...

શંખેશ્વર તીર્થે શ્રી જહાજ મંદિર એન્કરવાલા ધામે કલ્યાણકારી ચાતુર્માસ અર્થે બિરાજમાન મૌનવરિષ્ઠ પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યરત્ન મહારાજ સાહેબ, પૂજ્ય મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબના સાંનિધ્યમાં પ્રવચન યોજાયેલ ત્યારે જૈન મુનિ નયશેખર મહારાજ સાહેબે જણાવેલ કે, "જીવન બને આપ સર્વનું મહેક ફેલાવતું ચંદન, અંતરના ઊંડાણથી સૌને નૂતન વર્ષાભિનંદન."

નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે જૂનુ વર્ષ વીતી ચૂક્યું છે અને આજ એ આપનો છે વર્તમાન દિવસ. આજનો આ વર્તમાન દિવસ એટલે ભૂતકાળ અને ભવિષ્યને જોડતો પુલ. જે વીતી ચૂક્યું અને વીતી ચૂકેલા વર્ષમાં જે જે ભૂલો થઈ, જે જે ખરાબ કર્મો થયા એ તમામનું સ્મરણ કરી આવનારા ભવિષ્ય માટે એ તમામ ખરાબ કર્મ કે ભૂલોને નામશેષ કરવાનો આજથી સંકલ્પ કરીએ. આવનારા નવા વર્ષમાં આપણે પ્રભુ માર્ગે ચાલીએ, સત્ય અહિંસા અને કરુણાના પાવન માર્ગે ચાલીએ, એવા આજથી જ પ્રતિજ્ઞાબધ્ધ બનીએ...

આજના આ દિવસે ત્રણ 'ન' અપનાવવાની પ્રતિજ્ઞા લઈએ. અને આ ત્રણ 'ન' એટલે નીતિમત્તા, નિયમિતતા, નિયમપાલન... 'ન'ના આ ત્રણ સિદ્ધાંતો અપનાવી લો, જીવન ધન્ય થઈ જશે. સાથે સાથે આજના દિવસે સર્વને અંતરના આશિષ. પ્રભુ આપને પાંચ 'સ' આપે. આ પાંચ 'સ' એટલે : સુખ, શાંતિ, સમૃદ્ધિ, સલામતી અને સ્વાસ્થ્ય...

અંતમાં સર્વ જીવોનું કલ્યાણ થાય એવી ઉચ્ચ ભાવના સાથે સૌને નવા વર્ષની શુભેચ્છાઓ.... માત્ર આપ જ નહીં, આ પૃથ્વી ઉપર જન્મેલો દરેક માણસ ઈચ્છે છે કે પોતાનું જીવન સુખ-સમૃદ્ધિથી ભરપૂર બને, મંગલમય બને.

જીવન મંગલ ત્યારે જ બને જ્યારે ઘરમાં સુખનો નિવાસ હોય, માંગલ્યની સુવાસ હોય. શ્રાવક ધર્મનું પાલન થતું હોય. આધ્યાત્મિક સંસ્કારો હોય. તે માટે મહાપુરૂષો શું કહે છે? શું કરવું જોઈએ?

૧. આરંભ અને પરિગ્રહની લાલસા ઓછી કરીને હૈયામાં સંયમની ભાવના રાખવી જોઈએ.
૨. બાળકોને નિયમિત પાઠશાળા મોકલીને અને ઘરમાં પણ ધર્મકથા, સમૂહ પ્રાર્થના વગેરે દ્વારા તેમને સાચા સંસ્કારનું પોષણ આપવું જોઈએ..
૩. શક્ય હોય તો રોજ નહિં તો પાંચ તિથી તો અવશ્ય પ્રભુપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, સચિત્તનો ત્યાગ, ચૌદ નિયમ ધારવા વગેરે દ્વારા શ્રાવક ધર્મનું પાલન કરવું જોઈએ.
૪. કુટુંબમાં પરસ્પર સંપ, આદર, વિશ્વાસ, એકતા વધે તેવા પ્રયાસો કરવા જોઈએ..
૫. વ્યસન એટલે વિનાશ. તેથી જીવનને વ્યસન મુક્ત બનાવવા પ્રયાસ કરવો જોઈએ.
૬. માતા-પિતાને નિયમિત પ્રણામ કરવા સાથે બાકીના સંબંધોને પણ આદર આપીને પરિવારનું ગૌરવ વધે તેવા પ્રયાસો કરવા જોઈએ.
૭. આદર્શ માતા-પિતા બની બાળકને સાચી પ્રેરણા આપી તેના જીવનનું ઘડતર કરવા માટે માતા-પિતાનું જીવન પણ સદાચારી, પ્રામાણિક અને મહેનતથી ભરપૂર હોવું જોઈએ.
૮. સદ્‌વિચાર જીવનને સુખી બનાવે છે. તે માટે સદ્‌વાંચન અને સત્સંગનો આધાર લઈ નિયમિત વ્યાખ્યાન શ્રવણ કે સારા પુસ્તકોનું વાંચન કરવું જોઈએ.
૯. હૃદયને ક્ષમાના આભૂષણથી સુશોભિત બનાવીને સંબંધોમાં મનભેદ કે મતભેદ ઊભા થાય ત્યારે ઉદાર દિલે ક્ષમા માંગી અને બીજાની ભૂલ હોય તો ક્ષમા આપી વાતને ભૂલી જવી જોઈએ.
૧૦. જીવન સફળ અને મંગલ બનાવવા માટે પોતાના કામનું અને આરાધનાનું સમયપત્રક પોતે બનાવીને એ પ્રમાણે વર્તન કરવું જોઈએ જેથી આ ભવમાં પરમ શાંતિ મળે, પરભવમાં દેવ ગતિ મળે, પરંપરાએ અનંતકાળ સુધી સુખની પ્રાપ્તિ થાય..

નૂતન વર્ષાભિનંદન આપને તથા આપના પરિવારને નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ. આવનારું નવું વર્ષ તમારા જીવનમાં ઘણી સફળતા અને અપાર ખુશીઓ લાવે એવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ અને ગુરૂદેવને પ્રાર્થના. નવું વર્ષ, નવા વિચાર અને નવા સંકલ્પની સાથે આપને અને આપના પરિવારની જીવનયાત્રામાં સુખ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય પ્રદાન કરનારું બની રહે એવી હાર્દિક શુભ કામનાઓ...

*નવું વરસ, વિતે સરસ*
*સદા રહે, શુભ કર્મ તરસ*
*નવું વરસ, વિતે સરસ...*

*જૈન મુનિ નયશેખર મહારાજ સાહેબ - શંખેશ્વર તીર્થ*

## ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ – ભુજ દ્વારા પ્રેમ અને પ્રકાશથી ઉજવાયેલી દિવાળી

દિવાળીનો અર્થ ફક્ત દીવડાંની રોશની નથી – એ તો હૃદયમાં કરુણાનો પ્રકાશ પ્રગટાવવાનો પાવન અવસર છે.

આ જ ભાવનાને જીવંત રાખતાં બી.જે.એસ. લેડીઝ વિંગ – ભુજ દ્વારા પ્રમુખ શ્રીમતી ગીતા પારેખના અધ્યક્ષપદ હેઠળ જીવદયા અને માનવ સેવા પ્રોજેક્ટ અંતર્ગત આ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સૌપ્રથમ ભુજ લોહાણા મહિલાશ્રમમાં સાડી વિતરણ કરવામાં આવ્યું, જ્યાં બહેનો અને વડીલોના ચહેરા પર ખુશીની ઝળહળાહટ જોઈને સૌના હૃદય આનંદિત થઈ ઊઠ્યા. વડીલોએ ભરપૂર પ્રેમથી આશીર્વાદ આપ્યા હતા ત્યારબાદ ભુજના ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં બાળકો અને પરિવારોને મીઠાઈ વિતરણ દ્વારા સચ્ચા અર્થમાં "ખુશીની દિવાળી" ઉજવાઈ. નાના બાળકોના ચહેરા પરના નિર્દોષ સ્મિતે આ કાર્યક્રમને ખરેખર દિવ્ય બનાવી દીધો.

***સાડી દાતા :*** શ્રીમતી મીના ભારત મહેતા

***મીઠાઈ દાતા :*** શ્રીમતી મિરલ ધીરેન શાહ

પ્રમુખ શ્રીમતી ગીતા પારેખે હૃદયસ્પર્શી શબ્દોમાં જણાવ્યું : "દિવાળી એ ફક્ત ઘરમાં પ્રકાશ કરવાનો તહેવાર નથી, પણ બીજાના જીવનમાં આનંદનો દીવો પ્રગટાવવાનો સંકલ્પ છે. બીજાની આંખોમાં ખુશી જોવા મળે એ જ સાચી દિવાળી છે."

કાર્યક્રમના સુવ્યવસ્થિત આયોજનમાં મહામંત્રી શ્રીમતી મનીષા મહેતા, શ્રીમતી ડિમ્પલ ભણશાલી તથા ઉપપ્રમુખશ્રી-શ્રીમતી પ્રીતિ શેઠ, નિશા ખંડોલ, કાજલ ગાંધી, ફાલ્ગુની પારેખ, દીપા શાહ, વૈશાલી શાહ, મનીષા મોરબિયા, મીરા શાહ, મિરલ શાહ, સોનાલી ખંડોલ, સરલા દોશી, મયુરી દોશી, સોનુ કોઠારી, વૈશાલી પી. શાહ વગેરે બહેનોનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બી.જે.એસ. લેડીઝ વિંગ - ભુજ દ્વારા દર મહિને માનવસેવા, જીવદયા અને સ્ત્રીઓની ઉન્નતિલક્ષી અને એન્જોયમેન્ટ જેવા અનેક પ્રોજેક્ટો સતત યોજાતા રહે છે. માત્ર પાંચ મહિનાના ટૂંકા ગાળામાં વિંગ દ્વારા ૨૦ કાર્યક્રમો અને પ્રોજેક્ટો સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા છે – જે મહિલા શક્તિની એકતા, સમર્પણ અને સેવા ભાવનો જીવંત પુરાવો છે.

આ રીતે બી.જે.એસ. લેડીઝ વિંગ - ભુજએ દિવાળીના ઉજાસને ફક્ત દીવડામાં નહીં, પણ અનેક હૃદયોમાં પ્રગટાવી – "જ્યાં પ્રેમ, સેવા અને કરુણાનો દીવો પ્રગટે છે, ત્યાં જ સાચી દિવાળી ઉજવાય છે." ■

## વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ

(અનુસંધાન : પાના નં. – ૪૪ ઉપરથી ચાલુ)

- **તત્કાલીન હોનારત બચાવ કાર્ય**

**ઇમોશનલ ફર્સ્ટ એઇડ :**

આ એક મહત્ત્વનું તત્કાલીન પગલું છે. જેથી નકારાત્મક માનસિક પ્રતિક્રિયાનું સમાધાન તાત્કાલિક થઈ શકે અને ભવિષ્યના ગંભીર માનસિક પરિણામો અટકાવી શકાય.

યુનિસેફ દ્વારા મેન્ટલ હેલ્થ તથા સાઈકો સોશિયલ સપોર્ટ (MHPSS)ની માર્ગદર્શિકા બહાર પડેલ છે. જે પ્રમાણે હોનારતના સમયે બચાવ કાર્ય કરવું જરૂરી છે.

*મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે :*

૧. તત્કાલીન જરૂરત વિશે જાણકારી મેળવવી (રોટી, કપડા, મકાન, દવાઓ, સલામતી) એ પ્રમાણે સહાય કરવી.

૨. વધુ હોનારત ન થાય એ માટેના પગલા લેવા. લોકોને દૂર સલામત સ્થળે ખસેડવા.

૩. સપડાયેલા લોકોને જરૂરત પ્રમાણે મદદ કરવી, મેડિકલ સહાય કરવી.

૪. લોકોને સક્રિય રીતે, સહાનુભૂતિપૂર્વક સાંભળવું, એમને સાંત્વના આપવી.

૫. લોકોના સવાલો તથા શંકાઓનું યોગ્ય સમાધાન કરવું.

૬. માનસિક પ્રતિકાર શક્તિ નબળી હોય એવા લોકોને (બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ, માનસિક રોગ થયો હોય એવા દર્દીઓ વગેરે) પર વધારે ધ્યાન આપવું તથા જરૂરત પ્રમાણે નિષ્ણાત મનોવૈજ્ઞાનિક દ્વારા તપાસ કરી જરૂરત પ્રમાણે સારવાર આપવી.

૭. વાતચીતની સક્રિય પ્રક્રિયા ચાલુ રહે જેથી સપડાયેલ લોકોની લાગણીઓ તથા ભયનું સમાધાન થઈ શકે અને ભવિષ્યમાં ગંભીર માનસિક બીમારીઓ થતી અટકાવી શકાય.

- **સારાંશ :**

આફતો, હોનારત, કટોકટીની ઘટના સમયે માનસિક સ્વાસ્થ્ય પર તાત્કાલિક અસર થાય છે. અલગ અલગ વ્યક્તિઓ પર અલગ અલગ અસર થાય છે. બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ પર વધારે નકારાત્મક અસર થાય છે કારણકે એમની માનસિક પ્રતિકાર કરવાની ક્ષમતા નબળી હોય છે.

બચાવ રાહત કાર્યની ટીમમાં મનોવૈજ્ઞાનિક નિષ્ણાતનો ઉમેરો કરવો મહત્ત્વનું છે. જેથી તાત્કાલિક નિષ્ણાત સારવાર મળી રહે અને ભવિષ્યમાં હોનારતને લીધે થતી ગંભીર માનસિક બીમારીઓ અટકાવી શકાય.

સપડાયેલા લોકોની નિયમિત માનસિક ચકાસણી કરવી જરૂરી છે.

***(સંપૂર્ણ)***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૮૭

### શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



ક્ષત્રિયકુંડની તળેટીમાં કુંડઘાટથી પાંચ કિ.મી. દૂર આવેલું શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ વર્તમાન ચોવીસીના ચરમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાનનાં ચ્યવન, જન્મ અને દીક્ષા જેવા ત્રણ કલ્યાણકની ભૂમિ હોવાથી એની પવિત્રતા અનેરી છે. પોતાના જીવનકાળનાં ત્રીસ વર્ષ પ્રભુ મહાવીરે આ ભૂમિમાં ગાળ્યાં છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૬૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. જગદોદ્ધારક ભગવાન મહાવીરનો જન્મ વિ.સં. પૂર્વે ૫૪૩ના ચૈત્ર સુદ ૧૩ સોમવારે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં બિહાર પ્રાંતના મુંગેર જિલ્લામાં જમુઈ નગરીની પાવન ધરતી પર કુંડગ્રામમાં થયો. આ વિશેષ સ્થાનને આજે લોકો ‘જન્મસ્થાન’ તરીકે ઓળખે છે. આ ભૂમિ પર માત્ર જિન મંદિર જ નહીં, બલકે એનો કણેકણ પવિત્ર અને વંદનીય છે. એનું શાંત અને એકાંત વાતાવરણ ભગવાન મહાવીરે આપેલા પ્રકાશનું સ્મરણ કરાવે છે. ભગવાનની પ્રતિમાનાં દર્શન માત્રથી જ આત્મા પ્રફુલ્લ થઈ ઊઠે છે. આ પ્રાચીન પ્રતિમા અત્યંત પ્રસન્નચિત્ત લાગે છે. એની કલાત્મકતા પણ એટલી જ છે. હાલમાં ક્ષત્રિયકુંડ પહાડ પર આ એક જ મંદિર આવેલું છે. તળેટીકુંડ ઘાટમાં મહાવીર પ્રભુની પ્રતિમા ધરાવતાં બે નાના મંદિરો છે. આ સ્થાનોને ચ્યવન અને દીક્ષા કલ્યાણકના નામથી ઓળખવામાં આવે છે. અહીં નજીકમાં જ અનેક પ્રાચીન ખંડેરો મળે છે. જે કુમારગ્રામ, બ્રહ્મકુંડ ગ્રામ, મોરાક વગેરે પ્રાચીન સ્થળોની યાદ આપે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

## તીર્થ દર્શન-૮૮

### શ્રી કલકત્તા તીર્થ
### (શ્રી શીતલનાથ ભગવાન)



કલકત્તા શહેરમાં શામ બજારના માણિકતલામાં આવેલા આ મંદિરને બદ્રીદાસ ટેમ્પલ અને પાર્શ્વનાથ મંદિર પણ કહે છે. અહીં મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૭૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ ભવ્ય પ્રતિમા છે. કલકત્તાનું આ મંદિર શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. આ કલાત્મક મંદિર લાલા કાલકાદાસજીના પુત્ર રાયબહાદુર બદ્રીદાસજીએ પોતાની માતા પાસેથી પ્રેરણા મેળવીને બંધાવવાનો પ્રારંભ કર્યો. એમને સ્વપ્નમાં સૂચવાયેલા સ્થાનમાંથી આ પ્રતિમા મળી. આ પ્રતિમાને ભારે ઉલ્લાસ અને હર્ષપૂર્વક લાવીને ઈ.સ. ૧૮૬૭માં આ. શ્રી કલ્યાણસૂરીશ્વરજીના સુહસ્તે પ્રતિષ્ઠિત કરવામાં આવી. આ ભવ્ય મંદિરની અદ્‌ભુત નિર્માણશૈલીને માટે સહુ સ્તબ્ધતાનો ભાવ અનુભવે છે. આમાં કોઈ એવી જગ્યા નથી કે જ્યાં કારીગરે કલાની ઝલક બતાવી ન હોય. એની શિલ્પકલા સ્વદેશના કે વિદેશના પ્રવાસીઓને પણ મુગ્ધ કરે છે. મંદિરની આસપાસ સુંદર બગીચો છે. મંદિરની સામે રાય બદ્રીદાસજીની મૂર્તિ ભક્તિભાવથી હાથ જોડીને બેઠેલી છે. મંદિરની પાછળ આવેલા હોજના આઠ ખૂણામાં આઠ પૂતળીઓના હાથમાં માંગલિક ચિહ્ન દર્શાવીને અષ્ટ મંગલની ભાવાનું જીવંત ચિત્ર ખડું કર્યું છે. મંદિરની અંદરની પચરંગી કાચની મીનાકારી, આરસનો વિશાળ ચોક, બહારના ભાગની પૂતળીઓ, ફરસબંધી તળાવ અને લીલાછમ બગીચાને વીજળીના પ્રકાશમા જોઈએ ત્યારે કોઈ દેવ વિમાનનો ભાસ થાય. જગતના કલાવિદોએ આને ‘‘Beauty of Bengal’’ (બંગાળનું સૌંદર્ય)થી નવાજ્યું છે. આ સિવાય શહેરમાં કુલ છ શ્વેતાંબર મંદિરો છે.

*સુખને જીરવતા અને દુઃખને ઉજવતા જેને આવડે, એ જીવનમાં ક્યારેય અટકતો નથી.*

# વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ : ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫

## "આફતો તથા કટોકટી વખતે માનસિક સ્વાસ્થ્ય સેવાઓની ઉપલબ્ધિ અગત્યનું"

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

● **માનસિક સ્વાસ્થ્ય :**

માનસિક સ્વાસ્થ્ય એટલે માનસિક સુખાકારીની સ્થિતિ. જેમાં :

(૧) વ્યક્તિ પોતાની ક્ષમતાઓને સમજી શકે.
(૨) જીવનમાં તણાવોનો - સ્ટ્રેસનો સામનો કરી શકે.
(૩) ઉત્પાદક તથા ફળદાયી રીતે કામ કરી શકે.
(૪) સામાજિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપી શકે.

ઉપરોક્ત મુદ્દાઓ વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપેલ છે. જેમાં એક મુદ્દો ઉમેરવા જેવો છે.

(૫) પરસ્પરના સંબંધો બાંધી શકે તથા જાળવી શકે.

શારીરિક સ્વાસ્થ્યની જેમ માનસિક સ્વાસ્થ્ય દરેક વ્યક્તિમાં હોય છે. માનસિક સ્વાસ્થ્ય આરોગ્યનો સૌથી મહત્ત્વનો ભાગ છે. આયુર્વેદમાં માનસિક સ્વાસ્થ્યને આરોગ્યનો પ્રથમ ભાગ ગણ્યો છે.

● **વિશ્વ માનસિક સ્વાસ્થ્ય ૨૦૨૫નું સૂત્ર :**

વર્લ્ડ ફેડરેશન ઓફ મેન્ટલ હેલ્થની ભલામણને લીધે વિશ્વ આરોગ્ય સંસ્થા દર વર્ષે ૧૦ ઓક્ટોબરના દિવસને વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે મનાવે છે.

દર વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા એક સૂત્ર આપે છે. વર્ષ ૨૦૨૫નું સૂત્ર છે : ***"આફતો તથા કટોકટી વખતે માનસિક સ્વાસ્થ્યની સેવાઓની ઉપલબ્ધિ."***

૨૧મી સદીની શરૂઆતથી કુદરતી આપત્તિઓ તથા માનવ નિર્મિત આપત્તિઓનું પ્રમાણ વધી ગયું છે. ૨૦૨૧માં ગુજરાત ભૂકંપમાં ૨૦,૦૦૦થી વધારે લોકો મૃત્યુ પામ્યા હતા, હજારો મકાનો ધરાશાયી થયા હતા. વર્ષ ૨૦૦૬માં મુંબઈમાં જોરદાર વરસાદ પડ્યો હતો. જેને લીધે ઘણું બધું નુકસાન થયું હતું.

અમેરિકામાં ટ્વિન ટાવર ૨૦૦૮માં ધરાશાયી, મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટ, ૨૦૦૮માં હોટલ તાજ પર હુમલો, હાલમાં પહેલગામ હુમલો વગેરે થયા છે.

આ આપત્તિઓ દરમિયાન જે જીવતા રહે છે એમના માનસિક સ્વાસ્થ્યનું શું?

● **આપત્તિઓ / હોનારતની અસરો :**

૧. જે લોકો આપત્તિ કે હોનારતમાંથી પસાર થયા હોય એમાંના લગભગ બધા જ લોકો થોડા કે વધુ અંશે મનોવૈજ્ઞાનિક તકલીફો અનુભવે છે. સમયાંતરે આ તકલીફો દૂર થાય છે.

૨. પરંતુ સંશોધન દ્વારા જણાયું છે કે ચોથા ભાગના લોકોને (૨૨%) ૧૦ વર્ષ માનસિક બીમારીઓ જેવી કે ડિપ્રેશનની બીમારી, એન્ક્ઝાઈટી ડિસઓર્ડર, પેનિક ડિસઓર્ડર, પોસ્ટ ટ્રોમેટીક સ્ટ્રેસ ડિસઓર્ડર થાય છે. જેના માટે મનોચિકિત્સા લેવાની જરૂર પડે છે.

૩. હોનારત કે કટોકટી વખતે માનસિક સ્વાસ્થ્યની સેવાઓ પર બોજો વધે છે, ડિમાન્ડ વધે છે. જે મોટાભાગના કિસ્સાઓમાં પૂરી પાડવી અશક્ય છે.

૪. જે લોકો માનસિક બીમારીઓ માટે મનોચિકિત્સા / સારવાર લેતા હોય છે એમના પર વધારે નકારાત્મક અસર થાય. છે. જરૂરી બીમારીમાં વધારો થાય છે. સારવારમાં આ પ્રમાણે જરૂરી ફેરફારો કરવા પડે છે.

૫. આપત્તિઓ, કટોકટીને લીધે નવા કિસ્સાઓનું પ્રમાણ વધે છે. જેમાં તીવ્ર શોકની પ્રતિક્રિયા, ગ્રીફ રીએક્શન (જેમના કુટુંબીજનો હોનારતમાં મૃત્યુ પામ્યા હોય), એન્ક્ઝાઈટી ડિસઓર્ડર, પેનિક ડિસઓર્ડર મુખ્ય છે અને આ કિસ્સાઓમાં મનોચિકિત્સા અગત્યની છે.

● **કેસ સ્ટડી**

૫૩ વર્ષના મુકેશને (નામ બદલ્યું છે) છેલ્લા એકાદ મહિનાથી વિમાનમાં મુસાફરી કરવાનો ડર લાગતો હતો. આ દરમિયાન વિમાનમાં મુસાફરી કરવાનો પ્રોગ્રામ હતો, જે મુકેશે કેન્સલ કર્યો. વિમાનમાં મુસાફરી કરવાની ઘરમાં વાતચીત થાય તો એના હૃદયના ધબકારા ખૂબ જ વધી જતા, બેચેની થતી, મોઢાના હાવભાવ બદલાઈ જતા. વાતચીતનો વિષય બદલાવવાથી થોડા સમયમાં એની ઉપરોક્ત તકલીફો દૂર થતી હતી.

આ તકલીફ અમદાવાદમાં થયેલ વિમાન દુર્ઘટના બાદ શરૂ થયેલ. આ દુર્ઘટનામાં મુકેશના નજીકના કુટુંબીજનનું અવસાન થયેલ. આ દુર્ઘટનાની પહેલા મુકેશ વિમાનમાં નિયમિતપણે મુસાફરી કરતો હતો.

● **સારવાર :**

સારવારમાં દવાઓ (સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ) તથા કોગ્નિટીવ બિહેવિયર થેરાપી શરૂ કરી. થોડા સમયમાં ડર ઓછો થયો. ઘરમાં વિમાનમાં મુસાફરી કરવાની વાતચીતમાં ડર નીકળી ગયો. સારવારના અન્ય ભાગ મુજબ એરપોર્ટની બહારથી મુલાકાત લીધી જે દરમિયાન ઉપરોક્ત તકલીફ ન થઈ. ત્યારબાદ વિમાનમાં મુસાફરી કરવાનો નિર્ણય કર્યો. ટિકીટ બુક કરી. કોઈપણ તકલીફ ન થઈ. વિમાનમાં મુસાફરી કરી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૨ ઉપર)

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## બુધવાર, તા. ૨૨-૧૦-૨૦૨૫ના રોજ શ્રી કચ્છી જૈન ભવન ખાતે યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમ

### તસવીરી ઝલક













## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત વિવિધ સેન્ટરો ખાતે નવરાત્રિ દરમિયાન સ્ટાફ દ્વારા રાસ-ગરબાનો કાર્યક્રમ



શ્રી કચ્છી જૈન ભવન - પાલડી



નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર



પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર



દિવાળીના પર્વ નિમિત્તે રંગોળી મેકિંગ વખતે
નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરનો સ્ટાફ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત વિવિધ સેન્ટરો ખાતે દિવાળીના પર્વ નિમિત્તે સ્ટાફ દ્વારા રંગોળી બનાવવામાં આવેલ



શ્રી કચ્છી જૈન ભવન - પાલડી



નવનીત મેડિકલ સેન્ટર - પાલડી




શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ



નવનીત મેડિકલ સેન્ટર - બોપલ



પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

Since 1985

INDOTEX PAINTS

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

Bharat B. Gala
M. : 93270 05460

SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

With Best Compliments From

Sathwara Construction

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર

બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month


• શુભેચ્છા સહ •



પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.

મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



SKYBLUE STATIONERY MART

EVERY THING THAT YOU THINK

**South Bopal** : 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara** : GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK ESTD 1995 Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.

મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.

Tel. : 26400969 • www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply

Speed up ur Business




ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

*પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે; એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.*

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

*To,*